| GJPM010005482023 | | |
|---|---|---|
| | કેસ દાખલ તારીખ | ૨૧–૦૨–૨૦૨૩ |
| | કેસ રજીસ્ટરે નોંધ્યા તારીખ | ૨૧–૦૨–૨૦૨૩ |
| | કેસ ફેંસલ કર્યા તારીખ | ૨૪–૦૭–૨૦૨૬ |
| | સમયગાળો : વર્ષ ૦૩ માસ ૦૫ દિવસ ૦૩ | |

**FORM-A** આંક :

**IN THE COURT OF PRINCIPAL DISTRICT & SESSIONS JUDGE, PANCHMAHALS AT-GODHRA**
**Present : C.K. Chauhan, Sessions Judge**

Judgment Dt: 24-07-2026

## Sessions Case No. 40/2023

[ 1st C.R.No.11207061220805/2022 Shahera Police Station ]
Section 302, 201, 114 of I.P.C.

| | |
|---|---|
| Complainant | **શ્રી સરકાર** |
| REPRESENTED BY | વિ.જિલ્લા સરકારી વકીલ શ્રી આર.એસ.ઠાકોર |
| ACCUSED | ૧.શૈલેશભાઈ શનાભાઈ માલીવાડ,<br>ઉ.વ.૨૬,ધંધો.ખેતી,<br>૨. અરવિંદભાઈ ભેમાભાઈ પગી,<br>ઉ.વ.૩૬,ધંધો.ખેતી,<br>૩. જગદીશ ઉર્ફે જગો શનાભાઈ માલીવાડ,<br>ઉ.વ.૨૨,ધંધો.ખેતી,<br>૪. સંજયકુમાર ઉર્ફે કાળુ રંગીતસિંહ બારીઆ,<br>ઉ.વ.૨૮, ધંધો.ખેતી,<br>તમામ રહે.બામણા, નવી વસાહત ફળીયું,<br>તા.મોરવા(હ),જી.પંચમહાલ. |
| REPRESENTED BY | આરોપીઓ તર્ફે વિ.વકીલશ્રી એન.આઈ.દેડકી |

**FORM-B**

| | |
|---|---|
| Date of Offence | તા.૦૯–૧૦–૨૦૨૨ ના કલાક ૨૦–૩૦ પહેલા કોઈપણ સમયે |

| | |
|---|---|
| Date of FIR | તા.૨૯–૧૦–૨૦૨૨ |
| Date of Charge sheet | તા.૨૪–૦૧–૨૦૨૩ |
| Date of Framing of Charges | તા.૩૧–૦૭–૨૦૨૩ |
| Date of commencement of evidence | તા.૨૬–૦૯–૨૦૨૩ |
| Date on which Judgment is reserved | તા.૧૪–૦૭–૨૦૨૬ |
| Date of the Judgment | તા.૨૪–૦૭–૨૦૨૬ |
| Date of the Sentencing Order, if any | – |

## Accused Details

| Rank of the Accused | Name of Accused | Date of Arrest | Date of Release on Bail | Offence charged with | Whether Acquitted or convicted | Sentene Imposed | Period of Detention Undergone during Trial for purpose of section 428, Cr.PC |
|---|---|---|---|---|---|---|---|
| 1 | Shaileshbhai Shanabhai Malivad | 31/10/22 | On Bail | I.P.C. Sec. 302, 201,114 | Acquitted | -- | -- |
| 2 | Arvindbhai Bhemabhai Pagi | 2/11/22 | " | I.P.C. Sec. 302, 201,114 | Acquitted | -- | -- |
| 3 | Jagdish @ Jago Shana bhai Malivad | 3/11/22 | U.T.P. | I.P.C. Sec. 302, 201,114 | Acquitted | -- | -- |
| 4 | Sanjaykumar @Kalu Rangitsinh Baria | 3/11/22 | U.T.P. | I.P.C. Sec. 302, 201,114 | Acquitted | -- | -- |

## <u>:: જજમેન્ટ ::</u>

(૧) આ કેસના આરોપીઓ સામે ઈ.પી.કો.કલમ ૩૦૨, ૨૦૧ ,૧૧૪ મુજબ ના શિક્ષાપાત્ર ગુનાની ટ્રાયલ ચલાવવામાં આવેલ છે. આરોપી નં.૧, ૨ જામીન ઉપર મુકત છે.જયારે આરોપી નં.૩,૪ જયુડીશીયલ કસ્ટડીમાં છે.

**<u>ફરીયાદપક્ષના કેસની ટુંક હકિકત</u> :–**

(૨) આ ગુનાના કામે જાહેરાત આપનાર નરેશકુમાર અનિલભાઈ, આ.પો.કો.બ.નં.૧૧, શહેરા પોલીસ સ્ટેશનનાઓએ તા.૧૦/૧૦/ ૨૦૨૨ ના રોજ પી.એસ.ઓ શહેરા પો.સ્ટે.સમક્ષ  જાહેરાત આપી જાહેર કરેલ છે કે, વાઘજીપુર ઘડીયા ફળીયાના રોડ ઉપર એક પુરૂષની લાશ પડેલી છે જે હકીકતની જાણ તેમણે પી.આઈ.શ્રી તથા પો.સ્ટે.ના માણસોને કરેલી.

ત્યારબાદ ફરીયાદી નરેશકુમાર અનીલભાઈ,પો.કો. બ.નં.૧૧, નોકરી, શહેરા પો.સ્ટે.,જી.પંચમહાલનાઓએ પી.આઈ.શ્રી, શહેરા પો.સ્ટે. સમક્ષ તા.૨૦/૧૦/૨૦૨૨ ના રોજ ફરીયાદ હકીકત જાહેર કરેલી કે, ગઈ તા.૯/૧૦/૨૨ ના રોજ શહેરા પો.સ્ટે. ખાતે હતા. દરમ્યાન સાંજના સાડા આઠેક વાગ્યાના સુમારે વાઘજીપુર ગ્રામ પંચાયતના સભ્ય શૈલેષભાઈ બનાવભાઈ બારીઆનાઓએ તેમના મોબાઈલ નં.૮૨૦૦૯૮૬૬૪૧ ઉપરથી મને ફોન કરી જણાવેલ કે વાઘજીપુર ઘડીયા ફળીયાના રોડ ઉપર એક પુરૂષની લાશ પડેલી છે. પોલીસ મોકલો તેવું જણાવતા બનાવ હકીકતની જાણ અમોએ પી.આઈ.શ્રી આર.કે.રાજપુતનાઓને કરેલી અને પોલીસ માણસો સાથે જણાવેલ જગ્યા ઉપર ગયેલ ત્યાં સ્થળ ઉપર જતા એક પુરૂષ જેના શરીરે ઘેરા રાખોડી કલરનું આખી બાયનું શર્ટ તથા ઘેરા ભુરા

કલરનું પેન્ટ પહેરેલ છે તે રોડ ઉપર ઉંધા શરીરથી પડેલ જોયેલ તેના ગળાના ભાગે સફેદ કલરના દોરડાનો ટુકડો બાંધેલ હતો તથા મોઢાના ભાગે લોહી જેવા રતાશ પડતું પ્રવાહી જણાયેલ સદર લાની પાસે એક કેસરી સફેદ કલરની સાડી પડેલી જણાયેલ તથા સદર પુરૂષની ઉ.વ. આશરે ૨૦ થી ૨૫ ની હોય તેણે પહેરેલ કપડાંના ખીસ્સા તપાસતાં તેની ઓળખ સબંધીત કોઈ આધાર પુરાવો મળેલ નહી સદર પુરૂષ કોઈ રીતે મરણ ગયેલ હોય, મોડી રાત્રીનો સમય હોય જેથી મરનાર ની લાશને જે તે સ્થિતિમાં ખાનગી વાહનથી પી.એમ.રૂમ શહેરા ખાતે રખાવેલ અને બનાવ સબંધે પ્રથમ શહેરા પો.સ્ટે.માં જાહેરાત આપેલ જે જાહેરાત અકસ્માત મોત નં.૫૦/૨૦૨૨, સી.આર.પી.સી. કલમ–૧૭૪ મુજબની નોંધવામાં આવેલ અને તેની તપાસ પી.આઈ. શ્રી આર.કે.રાજપુતનાઓએ સંભાળેલી. જે લાશનું પેનલ ડોકટરથી પી.એમ.કરાવવામાં આવેલ અને લાશના વાલી વારસોની શોધખોળ સારૂ કોલ્ડરૂમ ગોધરા ખાતે રખાવવામાં આવેલ. સદર દાખલ કરેલ અકસ્માત મોતની તપાસ દરમ્યાન મરનાર અજાણ્યો ઈસમ હોય જેથી તેના ફોટાની બહોળી પ્રસિધ્ધી કરાવવામાં આવેલ જે તપાસ દરમ્યાન સદર અજાણ્યો પુરૂષ દલવાડા ગામનો રહેવાસી હોવાનું જણાયેલ અને મરનારનું નામ ગોવીંદ ઉર્ફે કાળીયો રાવજીભાઈ કાભઈભાઈ વાઘરી,ઉ.વ.૨૦નો હોવાનું તા.૧૪/૧૦/૨૨ના રોજ મરનારની માતા કોકીલાબેન તે શૈલેષભાઈ ભીખાભાઈ વાઘરી ની સધવા અને રાવજી ભાઈ કાભઈભાઈ વાઘરીની વિધવા હાલ રહે.લાડવેલ, મુખી ફળીયું, જી.મહીસાગરનાએ ઓળખી બતાવેલ જેથી મરનારની લાશનો કબજો મરનારના ઓરમાનભાઈ અર્જુનભાઈ ઉર્ફે ગગો શૈલેષભાઈ ભીખાભાઈ વાઘરીનાઓએ તા.૧૫/૧૦/૨૦૨૨ ના

રોજ સોંપેલ.સદર મરનારની પી.એમ.નોટ મેડીકલ ઓફીસરશ્રી તરફથી મેળવી તેનો અભ્યાસ કરતા પી.એમ.નોટના કોલમ નં.૧૭ માં મરનાર ના શરીર ઉપરની ઈજાઓ દર્શાવેલ છે.૧)લીગેચર માર્ક –આડો ડાર્ક બ્રાઉન કલરનો ૩૭ સે.મી લાંબો અર્ધપૂર્ણ લીગેચર માર્ક ગળાના આગળના અને પાછળના ભાગ તરફ જતો હતો. તે દાઢીથી ૬ સે.મી. નીચે અને થાઈરોઈડ કાર્ટીલેજની ઉપરના ભાગે જોવા મળેલો. તેની પહોળાઈ ૧.૫ થી ૨ સે.મી જેટલી હતી. ગળાના વચ્ચેના ભાગેથી લીગેચર માર્ક પાછળને ઉપર તરફ માસ્ટ્રોઈડ પ્રોસેસ તરફ જતો હતો. ગળાની જમણી બાજુએ તે લીગેચર માર્ક રાઈટ એંગલ ઓફ મેનીબલ (જડબાના ખુણાથી)થી ૭ સે.મી નીચે અને રાઈટ માસ્ટ્રોઈડ પ્રોસેસથી ૫ સે.મી. નીચે હતો. તેની પહોળાઈ ૧.૫ થી ૨ સે.મી. જેટલી હતી. ગળાની ડાબી બાજુએ લીગેચર માર્ક લેફટ એંગલ ઓફ મેન્ડીબલ (જડબાના ખુણાથી)તથા લેફટ માસ્ટ્રોઈડ પ્રોસેસ (કાનના પાછળના ભાગે) થી ૩ સે.મી. નીચે હતો. તે આજુબાજુના ચામડીથી ડીપ હતો. ગળાના ભાગનું પરિક્ષણ કરતા લીગેચર માર્કની નીચેની માસ પેશીઓ માંથી અમુક જગ્યાએથી રકતસ્ત્રાવ જોવા મળેલ હતો. હાઈઓઈડ બોન તથા થાઈરોઈડ કાર્ટીલેર્જલેજમાં અસ્થિભંગ જોવા મળેલ ન હતો. ૨.ડાબા હાથના વચ્ચેના ભાગે આગળ તરફ એક કપાયેલો ઘા હતો. તેની સાઈઝ ૩ સે.મી. × ૧ સે.મી. હતી તેની માર્જીન કલીન કટ હતી.૩.ડાબી પાંપણના ઉપરના ભાગે રેડીશ બ્રાઉન કલરનો ઉઝરડો જોવા મળેલો. તેની સાઈઝ ૦.૫ × ૦.૫ સે.મી હતી. ૪. ડાબા ગાલ ઉપર રેડીશ બ્રાઉન કલરના ચાર ઉજરડા જોવા મળેલા. તેની સાઈઝ ૪.૫ સે.મી.×૦.૩ સે.મી., ૨.૫×૦.૩ સે.મી., ૩ × ૧ સે.મી. , ૧ × ૦.૫ સે.મી.ની જણાઈ આવેલ.૫. જમણા ગાલ ઉપર રેડીશ

બ્રાઉન કલરનો લીટી જેવો ઉજરડો હતો. તેની લબાઈ ૧૦ સે.મી. હતી. ૬.દાઢી ઉપર છુંદાયેલો ઘા હતો તેનો કલર રેડીશ બ્રાઉન હતો. તેની સાઈઝ ૧ × ૧ સે.મી. હતી. ૭. પેટની જમણી બાજુ લંબર ભાગમાં રેડીશ બ્રાઉન કલરનો ઉજરડો હતો. તેની સાઈઝ ૩ × ૧ સે.મી હતી. ૮.ડાબા પગની ઘુંટીની અંદર રેડીશ બ્રાઉન કલરનો ઉજરડો હતો. તેની સાઈઝ ૩ × ૧.૫ સે.મી. હતી.૯. ડાબા પગના અંગુઠા ઉપર ઉજરડો હતો. તેની સાઈઝ ૦.૫ × ૦.૫ સે.મી. હતી. અંગુઠાની બાજુની આંગળીના નીચેના ભાગે બે ઉજરડા જેની સાઈજ ૦.૫ × ૦.૫ સે.મી.ના અને રેડીશ બ્રાઉન કલરના હતા.૧૦.જમણા પગના અંગુઠા ઉપર ઉજરડો હતો તેની સાઈઝ ૦.૫ × ૦.૫ સે.મી. હતી. આ ઉજરડાની નીચે તરફ બીજો એક ૦.૫ × ૦.૫ સે.મી.નો ઉજરડો હતો તે રેડીશ બ્રાઉન કલરનો હતો. ૧૧.જમણા પગની બીજા નંબરની આંગળી ઉપર રેડીશ બ્રાઉન કલરનો ૦.૫ × ૦.૫ સે.મી. સાઈઝનો ઉજરડો હતો. ૧૨. જમણા પગના પંજાની ઉપરની તરફ રેડીશ બ્રાઉન કલરનો ૦.૫ × ૦.૫ સે.મી.નો ઉજરડો હતો.૧૩.ગળાની ડાબી બાજુ લીગેચર માર્કની નીચેના ભાગે એક ઉજરડો હતો તેની સાઈઝ ૩ × ૨ સે.મી. હતી. આ ઉજરડાની નીચે એક અન્ય ઉજરડો હતો તેની સાઈઝ ૧ × ૦.૫ સે.મી. હતી તે રેડીશ બ્રાઉન કલરના હતા. ૧૪.ડાબા ખભા ઉપર રેડીશ બ્રાઉન કલરના ૦.૫ × ૦.૫ સે.મી. સાઈઝનો ઉજરડો હતો. ૧૫. ડાબી હાસડીની ઉપર રેડીશ બ્રાઉન કલરનો ૦.૫ × ૦.૫ સે.મી. સાઈઝનો ઉજરડો હતો.૧૬.બન્ને ખભાની પાછળના ભાગે ઘણા બધા ૨૦ × ૭ સે.મી. એરીયામા ચકામા જોવા મળેલા હતા. દરેક ચકામાની સાઈઝ આશરે ૦.૫ × ૦.૫ સે.મી. જેટલી હતી અને તે બ્લુઈશ બ્લેક કલરના હતા તેવું મેડીકલ ઓફીસર, સી.એચ.સી. શહેરાનાઓએ

ભાષાંતર કરી આપેલ જેથી મરનારના મોત સબંધે શંકા ઉભી થયેલી. સદર કોલમ નં.૧૭માં જણાવેલ ઈજાઓ તથા મરનારની મોત સબંધે એક્ષપર્ટ અભીપ્રાય મેળવવાની જરૂર ઉભી થતા પ્રોફેસર અને વિભાગીય ફોરેન્સીક એન્ડ મેડીસીન વિભાગ એસ.એસ.જી. વડોદરાને પત્રથી પ્રશ્નોત્તરી કરેલ જે પ્રશ્નોત્તરી જવાબ સ્વરૂપે તેઓએ એક્ષપર્ટ અભીપ્રાય આપેલ જેમાં મરનારના શરીર ઉપરની ઈજાઓ મારામારીના કમારણે બેભાન થઈ ગયા બાદ અથવા તો બળજબરીથી એક કરતા વધુ મનુષ્ય વડે મરનારને લટકાવી દેવામાં આવે તો આ પ્રકારે ગળાફાંસાથી માનવ વધ(Homicidal Hanging) શકય હોવાનો અભીપ્રાય આપેલ.સદર અભીપ્રાયને ધ્યાને લેતાં મરનાર ગોવીંદ ઉર્ફે કાળીયો રાવજીભાઈ કાભઈભાઈ વાઘરી, ઉ.વ.૨૦, રહે.દલવાડા, તા.શહેરાનાને કોઈએ કોઈ કારણસર માર મારી ગળાના ભાગે દોરડાનો ગાળીયો બનાવી લટકાવી દઈ મરનારના મૃત્યુ બાદ પુરાવાનો નાશ કરવાના આશયથી લાશને વાઘજીપુર ગામના ઘડીયા ફળીયાના રોડ ઉપર નાખી/ફેંકી દીધેલ હોય જેથી મરનારના મોત સબંધે કાયદેસર તપાસ થવા ફરીયાદ આપેલ છે.

(૩) ફરીયાદીની ફરીયાદ અન્વયે શહેરા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના ર.નં. ૧૧૨૦૭૦૬૧૨૨૦૮૦૫/૨૦૨૨,ઈ.પી.કો.કલમ-૩૦૨, ૨૦૧, ૧૧૪ મુજબ ગુનો રજીસ્ટર થયેલો અને ગુનાની તપાસ, તપાસ કરનાર અધિકારીને સોંપેલી.આ કામે તપાસ કરનાર અધિકારીએ જરૂરી પંચનામા કરેલા અને આરોપીને અટક કરેલ તેમજ લાગતા વળગતા સાહેદોના જવાબો લીધેલા અને એફ.એસ.એલ.અધિકારીને સ્થળ પરીક્ષણ કરવા બોલાવેલ અને તપાસ દરમ્યાન ઈજા પામનાર મરણ જતાં મરણજનારની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કરી લાશ

પી.એમ.માટે મોકલી આપેલ અને આ કામે મરણજનારના તથા આરોપી ના કપડાં પંચનામા કરી તપાસ અર્થે કબજે લીધેલા અને કબજે લીધેલ મુદ્દામાલ પૃથ્થકરણ માટે એફ.એસ.એલ.વડોદરાને મોકલી આપેલ અને ગુનાની જરૂરી તપાસ પૂર્ણ કરી આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા ઈ.પી.કો.કલમ-૩૦૨,૨૦૧,૧૧૪ મુજબના ગુનાનું ચાર્જશીટ ગોધરા કોર્ટમાં દાખલ કરેલું.

(૪) આરોપીઓ સામે આ ગુનાનું ચાર્જશીટ શહેરા કોર્ટમાં દાખલ થતાં તેનો ક્રિમીનલ કેસનં.૧૯/૨૦૨૩નો રજીસ્ટર થયેલ.આરોપીઓને પ્રોસેસ ઈસ્યુ કરતા જેલ ઓથોરીટી મારફત આરોપી નં.૩,૪ ને રજુ કરેલા. શહેરાના વિ.એડી.ચીફ જયુડી.મેજી.શ્રીએ આરોપીઓને તપાસના કાગળોની નકલો મળ્યાની ખાતરી કરેલ અને આરોપી નં.૧ થી ૪ ના ઓ તેમના વકીલશ્રી મારફતે હાજર થયેલા. સદરહું કેસ, સેશન્સ ટ્રાયેબલ હોવાથી શહેરાના વિ.એડી.ચીફ જયુડી. મેજીસ્ટ્રેટશ્રીએ અત્રેની સેશન્સ કોર્ટમાં કમિટ કરી મોકલી આપેલો જેને સેશન્સ કેસ નં.૪૦/૨૦૨૩થી રજીસ્ટરે લેવામાં આવેલ છે અને આ સેશન્સ કેસ આગળની ઈન્સાફી સારુ અત્રેની સેશન્સ કોર્ટમાં રાખવામાં આવેલ.

(૫) હાલના આરોપીઓ વિરુધ્ધ આક્ષેપીત ગુનાનો પ્રોસેસ ઈસ્યુ કરેલો. આરોપીઓને પ્રોસેસ બજી જતા જેલ ઓથોરીટી મારફતે આરોપીઓને સેશન્સ અદાલતમાં રજૂ કરેલ અને આરોપીઓ તરફે વિ.વકીલશ્રી એન.આઈ.દેડકી હાજર થયેલા અને આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો. કલમ ૩૦૨,૨૦૧,૧૧૪ મુજબના ગુના અંગે નીચે મુજબનું તહોમતનામું આંક-૮થી ફરમાવવા માં આવેલ છે.

## -: તહોમતનામું :-

''  તા.૯/૧૦/૨૦૨૨ ના રોજ કલાક ૨૦-૩૦ પહેલા કોઈપણ સમયે મોજે વાઘજીપુર ગામે ઘડીયા ફળીયામાંથી પસાર થતા રોડ ઉપર આ કામના મરનાર મોજે મોટા બામણા ગામે નલ સે જલની કામગીરીમાં સાહેદ સાથે મજુરીકામ કરવા સારુ ગયેલ તે દરમ્યાન મરનારને સાહેદ દક્ષાબેન સાથે પ્રેમસબંધ હોય અને મરનાર સાહેદ દક્ષાબેન સાથે લગ્ન કરવાની તીવ્ર ઈચ્છા ઘરાવછતો હોય જે લગ્ન બાબતે સાહેદ દક્ષાબેનને જણાવતા દક્ષાબેન પોતાના ઘરપરિવારના સભ્યો સાથે ચર્ચા કર્યા બાદ કોઈ જવાબ આપવાનું જણાવેલ જેથી આ કામે મરનાર લગ્ન બાબતે ચર્ચા કરવા મોજે બામણા,તા.મોરવા(હ) ગામે સાંજ ના સાડાસાતથી આઠેક વાગ્યાના સમયે તમો આરોપી નં.૩ અને ૪ નાઓ તેમના પાણીની ટાંકી પાસેના ઘરે હાજર હોય મરનારે લગ્ન બાબતે ચર્ચા કરી, નહી લગ્ન કરી આપો તો ભગાડી લઈ જઈશ તેવી બુકાણી કરતા આરોપી નં. ૪ નાએ સાહેદ દક્ષાનો જુનો પ્રેમી હોય તેને ગુસ્સો આવતા ઘરમાં પડેલ કુહાડીના બે ફટકા મરનારના માથાના ભાગે મારી દઈ આરોપી નં.૩એ સાહેદ દક્ષાનો ભાઈ થતો હોય જે આવેશમાં આવી જઈ મરનારને હાથે પગે લોખંડની પાઈપના ફટકા મારી મરનારને મારી નાખવાના ઈરાદે નજીકમાંથી દોરડુ છોડી લાવી ગાળીયો બનાવી મરનારના ગળામાં નાખી ઝુંપડીમાંના લાકડાના સરા સાથે દોરડા વડે લટકાવી માનવ વધ કરવાના આશયથી કરી મોત નીપજાવી, તમો આરોપી

નં.૧ તથા ૨ નાઓને આ બાબતની જાણ થતા મરનાર ની લાશને સગેવગે કરવાના ઈરાદે મરનારની લાશને ઝુંપડે જઈ દોરડું કાપી મરનારની લાશને ઈકો ગાડીમાં મુકી વાઘજીપુર ગામની સીમમાં પુરાવાનો નાશ કરવાના આશયથી નાખી/ફેંકી દઈ તમામ આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ગુનો કરી, ઈ.પી.કો.કલમ.૩૦૨, ૨૦૧, ૧૧૪ મુજબ સજાને પાત્ર ગુન્હો આ અદાલતની હકુમત અને કોગ્નીઝન્સ માં કર્યો છે.''

(૬) આરોપીઓની આંક–૯ થી ૧૨ સુધી પ્લી લેતાં તેમાં આરોપીઓએ તહોમતનામામાં દર્શાવ્યા મુજબનો ગુનો કબુલ નથી તેવું જણાવી અને કેસ આગળ ચલાવવાની માંગણી કરતા આ કેસ ફરીયાદપક્ષ નો પુરાવો રજૂ કરવા માટે રાખવામાં આવેલો.આ કામના આરોપીઓ વિરુધ્ધ ફરમાવવામાં આવેલ તહોમતનામું શંકા થી પર રીતે સાબિત કરવા માટે ફરીયાદપક્ષે નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

FORM-C

LIST OF PROSECUTION/DEFENCE/COURT WITNESS

**A. Prosecution :-**

| RANK | NAME | NATURE OF EVIDENCE (EYE WITNESS, POLICE WITNESS, EXPERT WITNESS, MEDICAL WITNESS, PANCH WITNESS, OTHER WITNESS) |
|---|---|---|
| PW-1 | નરેશભાઈ અનીલભાઈ બારીઆ | ફરીયાદી – પો.કો. |
| PW-2 | ગુણવંતસિંહ અર્જુનસિંહ પટેલ | ઈન્કવેસ્ટ તથા મરણ જનાર તથા બનાવવાળી શંકાસ્પદ જગ્યાના પંચનામાના પંચ |

| | | |
|---|---|---|
| PW-3 | મહેન્દ્રભાઈ દુધાભાઈ પગી | બનાવવાળી શંકાસ્પદ જગ્યાના પંચનામાના પંચ |
| PW-4 | ભુપેન્દ્રભાઈ શનાભાઈ પગી | ઈન્કવેસ્ટ પંચનામાના પંચ |
| PW-5 | ગુમાનસિંહ બીજલસિંહ બારીયા | બનાવવાળી જગ્યાના પંચનામાના પંચ |
| PW-6 | મંગળસિંહ છગનભાઈ બારીઆ | ગુનાવાળી જગ્યાના પંચ |
| PW-7 | રવિન્દ્રકુમાર જશવંતભાઈ પટેલ | હીયરસે સાહેદ |
| PW-8 | શૈલેશકુમાર બનાભાઈ બારીઆ | સાહેદ |
| PW-9 | ભુપતભાઈ દિપાભાઈ પગી | સાહેદ |
| PW-10 | મંજુલાબેનઅરવીંદભાઈ પટેલીયા | સાહેદ |
| PW-11 | શોભનાબેન ભોપતભાઈ પટેલ | સાહેદ |
| PW-12 | દક્ષાબેન શનાભાઈ માલીવાડ | સાહેદ |
| PW-13 | સુર્યકાંત ઉર્ફે ડુંગર પ્રવીણસીંહ બારીયા | સાહેદ |
| PW-14 | સમરતબેન શનાભાઈ બારીયા | સાહેદ |
| PW-15 | કોકીલાબેન શૈલેષભાઈ વાઘરી | સાહેદ–મરણજનારનીમાતા |
| PW-16 | અજયભાઈ શનાભાઈ માલીવાડ | સાહેદ |
| PW-17 | સુરેશભાઈ શનાભાઈ માલીવાડ | સાહેદ |
| PW-18 | ગણપતસીંહ અણદાભાઈ ખાંટ | રીકન્સ્ટ્રશન પંચનામાના પંચ |
| PW-19 | ગુંજનકુમાર ગુણવંતભાઈ કંસારા | ગુનાના કામે વપરાયેલ વાહન કબજે કર્યાના તથા મુદ્દામાલ ઈકો ગાડીમાંથી મુદ્દામાલ કબજે કર્યાના પંચ |
| PW-20 | શ્યામલ રમણલાલ પટેલ | રીકન્સ્ટ્રકશન પંચનામાના પંચ |
| PW-21 | ડો.અશ્વીન ભગતસિંહ રાઠોડ | મરણજનારનું પી.એમ. કરનાર મેડીકલ ઓફીસર |

| | | |
|---|---|---|
| PW-22 | પંકજકુમાર કનુભાઈ પટેલ | સાયન્ટીફીક ઓફીસર, એફ.એસ.એલ,અમદાવાદ |
| PW-23 | નરેશકુમાર રમેશભાઈ ધ્યાનમ | ઈ.ચા.સાયન્ટીફીક ઓફીસર,મોબાઈલ ઈન્વેસ્ટીગેશન વાન |
| PW-24 | નટવરભાઈ ચંદુભાઈ ખાંટ | પી.એસ.ઓ |
| PW-25 | રાહુલ કલ્યાણ સિંહ રાજપુત | તપાસ કરનાર અધિકારી |

**B. Defence Witnesses, if any:**

| RANK | NAME | NATURE OF EVIDENCE (EYE WITNESS, POLICE WITNESS, EXPERT WITNESS, MEDICAL WITNESS, PANCH WITNESS, OTHER WITNESS) |
|---|---|---|
| DW-1 | Nil | Nil |

**C. Court Witnesses, if any:**

| RANK | NAME | NATURE OF EVIDENCE (EYE WITNESS, POLICE WITNESS, EXPERT WITNESS, MEDICAL WITNESS, PANCH WITNESS, OTHER WITNESS) |
|---|---|---|
| CW-1 | Nil | Nil |

**LIST OF PROSECUTION/DEFENCE/COURT EXHIBITS**

**A. Prosecution:-**

| Sr.No | Exhibit Number | Description |
|---|---|---|
| 1 | Exhibit- P2 / PW-1 | ફરીયાદીની ફરીયાદ |
| 2 | Exhibit- P3/ PW-1 | અકસ્માત મોતના કામે કરેલ જાહેરાત |
| 3 | Exhibit- P5/ PW-2 | ઈન્કવેસ્ટ પંચનામું |
| 4 | Exhibit- P6/ PW-2,4 | મરણજનારના કપડાં કબજે લીધાનું પંચનામું |
| 5 | Exhibit- P7/ PW-2,3 | બનાવવાળી શંકાસ્પદ જગ્યાનું પંચનામું |
| 6 | Exhibit-P8 to P10/ PW-2 | મુદ્દામાલની સ્લીપો |
| 7 | Exhibit-P11 to P14 / PW-3,4 | મુદ્દામાલની સ્લીપો |
| 8 | Exhibit- P18/ PW-5 | આરોપીએ બતાવેલ બનાવવાળી |

| | | |
|---|---|---|
| | | જગ્યાનું પંચનામું |
| 9 | Exhibit- P20/ PW-6 | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| 10 | Exhibit-P33/ PW-18 | રીકન્સ્ટ્રકશન પંચનામું |
| 11 | Exhibit-P34/ PW-18 | મુદ્દામાલ હથિયાર કબજે કર્યાનું પંચનામું |
| 12 | Exhibit-P35/ PW-18 | મુદ્દામાલ સ્લીપ |
| 13 | Exhibit-P37/ PW-18 | મુદ્દામાલ સ્લીપ |
| 14 | Exhibit- P39 to P41 / PW-19 | મુદ્દામાલ સ્લીપો |
| 15 | Exhibit-P43/ PW-20 | ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૬૫(બી) મુજબનું પ્રમાણપત્ર |
| 16 | Exhibit-P44/ PW-20 | ફોટો સ્ટુડીઓનું બીલ |
| 17 | Exhibit-P46/ PW-21 | મરણજનારની પી.એમ.નોટ |
| 18 | Exhibit-P48/ PW-22 | સ્થળ પરીક્ષણ અહેવાલ |
| 19 | Exhibit-P50/ PW-22 | એફ.એસ.એલ મોબાઈલનો સ્થળ પરીક્ષણ અહેવાલ |
| 20 | Exhibit-P52/ PW-24 | સુચિપત્ર |
| 21 | Exhibit-P53/ PW-24 | એકઝી.મેજી.નેઈન્કવેષ્ટ ભરવા લખેલ યાદી |
| 22 | Exhibit-P54/ PW-24 | સુચિપત્ર |
| 23 | Exhibit- P56/PW-25 | મરણોત્તર ફોર્મની નકલ |
| 24 | Exhibit-P57/ PW-25 | લાશનું પી.એમ કરવા અંગેની યાદી |
| 25 | Exhibit-P58/ PW-25 | ત.ક.અધિકારીએ મેડીકલ ઓફીસરને લખેલ યાદી |
| 26 | Exhibit-P59/ PW-25 | મરણજનારની લાશ કોલ્ડરૂમમાં રાખવા ત.ક.અધિ.ને લખેલ યાદી |
| 27 | Exhibit-P60/ PW-25 | મરણજનારની લાશનો કબજો સોંપવા લખેલ યાદી |
| 28 | Exhibit-P61/ PW-25 | લાશ સ્વીકારી તેની યાદી |

| | | |
|---|---|---|
| 29 | Exhibit-P62/ PW-25 | મરણજનારની લાશ તેના સગાને અંતીમવીધી માટે સોંપી તે યાદી |
| 30 | Exhibit- P63/PW-25 | એફ.એસ.એલ,મોબાઈલને સ્થળ પરીક્ષણ માટે આવવા લખેલ યાદી |
| 31 | Exhibit- P64/PW-25 | પી.એમ.નોટના કોલમ નં.૧૭ માં કરેલ વર્ણનનું ગુજરાતી માંગ્યુ તે યાદી |
| 32 | Exhibit- P65/PW-25 | મેડીકલ ઓફીસર, શહેરાએ પી.એમ. નોટની કોલમ નં.૧૭નું ગુજરાતી આપ્યું તે. |
| 33 | Exhibit- P66/PW-25 | એસ.એસ.જી.હોસ્પીટલના ફોરેન્સીક વિભાગ પાસે પી.એમ.રીપોર્ટના સંદર્ભે અભીપ્રાય માંગ્યો તે યાદી |
| 34 | Exhibit- P67/PW-25 | કલમ ઉમેરો કરવા માટેની યાદી |
| 35 | Exhibit- P68/PW-25 | ક્રિ.પ્રો.કોડની કલમ ૧૬૪ મુજબનું નિવેદન લેવા લખેલ યાદી |
| 36 | Exhibit- P69/PW-25 | રીકન્સ્ટ્રકશન પંચનામું કરવા સ્ટેશન ડાયરીમાં નોંધ કરી તે |
| 37 | Exhibit- P70/PW-25 | સરકારી પંચ મેળવવા કરેલ યાદી |
| 38 | Exhibit- P71/PW-25 | મામલતદાર શહેરાને તાલુકા પંચાયત ધ્વારા સરકારી પંચ ફાળવી આપવા બાબતે કરેલ યાદી |
| 39 | Exhibit- P72/PW-25 | મુદ્દામાલ રવાનગી નોંધ |
| 40 | Exhibit- P73/PW-25 | મુદ્દામાલ રવાનગી નોંધ |
| 41 | Exhibit- P74/PW-25 | મુદ્દામાલએફ.એસ.એલમાં મળ્યો તેનો પત્ર |
| 42 | Exhibit- P75/PW-25 | મુદ્દામાલએફ.એસ.એલમાં મળ્યો તેનો પત્ર |
| 43 | Exhibit- P76/PW-25 | મુદ્દામાલ રવાનગી નોંધ |
| 44 | Exhibit- P77/PW-25 | મુદ્દામાલ રવાનગી નોંધ |
| 45 | Exhibit- P78/PW-25 | મુદ્દામાલએફ.એસ.એલમાં મળ્યો તેનો |

| | | |
|---|---|---|
| | | પત્ર |
| 46 | Exhibit- P79/PW-25 | ત.ક.અધિકારીએ મામલતદાર મોરવા (હ)ને ગુનાવાળી જગ્યાનો નકશો |
| 47 | Exhibit- P80/PW-25 | મોબાઈલ નંબરના સીડીઆર મેળવવા લખેલ યાદી |
| 48 | Exhibit- P81/PW-25 | મોબાઈલ નંબરના સીડીઆર મેળવવા લખેલ યાદી |
| 49 | Exhibit- P82/PW-25 | મોબાઈલ નંબરના સીડીઆર મેળવવા લખેલ યાદી |
| 50 | Exhibit- P83/PW-25 | મરણજનારની ઓળખ અંગે જાહેર કરેલ મેસેજ |
| 51 | Exhibit- P84/PW-25 | મરણજનારની ઓળખ અંગે જાહેર કરેલ મેસેજ |
| 52 | Exhibit -P62 | કલોઝીંગ પુરસીસ |

## B. Defence :-

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| 1 | Nil | Nil |

## C. Court :

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| 1 | Nil | Nil |

## D. Material Objects:

| Sr. No. | Material Object Number | Description |
|---|---|---|
| 1 | MO 1 | એક ડબ્બી |
| 2 | MO 2 | એક કંટ્રોલ સેમ્પલની ડબ્બી |
| 3 | MO 3 | એક સાડી |
| 4 | MO 4 | એક રૂધીરવાળુ કોટન થ્રોટની ડબ્બી |

| | | |
|---|---|---|
| 5 | MO 5 | એક કંટ્રોલ ડબ્બી |
| 6 | MO 6 | એક માટીની ડબ્બી |
| 7 | MO 7 | એક સાવરણો |
| 8 | MO 8 | એક પાવડો |
| 9 | MO 9 | એક કુહાડી |
| 10 | MO 10 | એક લોખંડની પાઈપ |
| 11 | MO 11 | એક ઈકો ગાડીનું ફલોરમેટ |
| 12 | MO 12 | એક શર્ટ |
| 13 | MO 13 | એક પેન્ટ |
| 14 | MO 14 | એક અંડરવીયર |
| 15 | MO 15 | મેડીકલ પાર્સલ સીલબંધ |
| 16 | MO 16 | એક દોરડું |
| 17 | MO 17 | એક દોરડું |

(૭) ફરીયાદપક્ષ ધ્વારા વિ.પી.પી.શ્રીએ પુરાવો પુરો થયાની કલોઝીંગ પુરસીસ રજૂ કર્યા બાદ આરોપીઓના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૩ પ્રમાણે વિશેષ નિવેદન લેવામાં આવેલ. આ નિવેદનમાં આરોપીઓએ ફરીયાદપક્ષનો પુરાવો તેમની હાજરીમાં લેવાયેલ તેવું જણાવી આક્ષેપિત બનાવની મોટા ભાગની હકીકતો ખોટી હોવાનું જણાવે છે અને વિશેષમાં એવું જણાવે છે કે, તેમને કહેવાતો કોઈ ગુન્હો કરેલ નથી અને તેઓને ખોટી રીતે આ ગુનામાં ખોટી રીતે સંડોવી દીધેલ છે.જેથી તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.આરોપીઓએ બચાવપક્ષના કોઈ સાક્ષી તપાસેલ નથી

કે બચાવપક્ષે કોઈ પુરાવો રજુ કરેલ નથી.

(૮) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ શ્રી સરકાર તરફે વિ. સરકારી વકીલશ્રી આર.એસ.ઠાકોરને તથા આરોપીઓ તર્ફે વિ.વકીલશ્રી એન.આઈ.દેડકીને સાંભળ્યા તે ઉપરાંત આંક–૮૩થી રજૂ લેખીત દલીલો વંચાણે લીધી.

<u>ફરીયાદપક્ષની દલીલ</u> :–

(૯) વિ.સરકારી વકીલશ્રી આર.એસ.ઠાકોરે મુખ્યત્વે રજુઆત કરતા જણાવેલ છે કે, હાલના કેસમાં આરોપી વિરુધ્ધનો ગુનો સાબિત કરવા માટે ફરીયાદપક્ષે કુલ–૨૫ મૌખિક પુરાવા અને કુલ–૫૧ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ છે. ફરીયાદપક્ષના પુરાવાને આ અદાલત સમક્ષ વાંચી વિ.સરકારી વકીલશ્રી આર.એસ.ઠાકોરએ મુખ્યત્વે રજૂઆત કરેલ છે કે, આ કામના ફરીયાદીએ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી તથા બાકીના તમામ સાહેદો કે જેઓ બનાવ ચોકકસ રીતે નજરે જોયેલ નથી પરંતુ તેઓનો સાંયોગિક પુરાવો જોતાં ફરીયાદપક્ષે સાબિત કરેલ છે કે, મરણજનાર ગોવિંદ ઉર્ફે કાળીયો રાવજીભાઈ વાઘરીને લીગેચર ધ્વારા ગળાના ભાગે દબાણ આવતા શ્વાસ રૂંધાવાથી તેનું મૃત્યુ થયેલું અને આરોપીઓએ હાલના ગુનામાં એકબીજાએ મદદગારી કરી, મરણજનારનું મૃત્યુ નિપજાવી ગુનો કરેલ છે.

(૯.૧) વિશેષમાં રજુઆત કરતા વિ.સરકારી વકીલશ્રી ઠાકોરએ જણાવેલ છે કે, ફરીયાદપક્ષના સાહેદોની ઉલટતપાસ જોતાં આરોપીઓની સ્થળ ઉપર હાજરી આરોપીઓના વિ.વકીલશ્રીએ બચાવ દરમ્યાન પડકારેલ નથી અને તે હકિકત જોતાં ફરીયાદપક્ષનો કેસ શંકાથી પર રીતે સાબિત થયેલ છે અને ફરીયાદપક્ષે આ કામના

ફરીયાદી તથા બીજા અન્ય સાહેદોએ ભલે બનાવ નજરે જોયેલ નથી પરંતુ આરોપીએ મરણજનાર ગોવિંદભાઈને કોઈપણ ધારદાર હથિયાર વડે ઈજા પહોંચાડતા તેનું મૃત્યુ નિપજાવેલ હોવાનું સાબિત કરવામાં સફળ રહેલ છે જેથી આરોપીઓને ઈ.પી.કો.કલમ ૩૦૨ વિ. મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવવા જણાવેલ છે.

(૯.૨) વિશેષમાં રજુઆત કરતા વિ.સરકારી વકીલશ્રી ઠાકોરએ જણાવેલ છે કે, આ કામે મરણજનારની લાશનું પી.એમ.કરનાર ડોકટરશ્રી એ આંક P45ની સો.ઉ.ની જુબાનીમાં કોલમ નં.૪ થી ૧૫ ની ઈજાઓ જો એક કરતા વધારે વ્યકિતઓ ધ્વારા સખ્ત અને બોથડ પદાર્થ વડે માર મારવામાં આવે તો થઈ શકે તેવી હતી અને ઈજા નં.૧૬ તે વ્યકિતની છાતી ઉપર બેસી જઈ દબાણ આપતા પાછળના ભાગે આ પ્રકારની ઈજા થઈ શકે તથા ઈજા નં.૨ કોઈપણ ધારદાર હથિયાર વડે ઈજા પહોંચાડવામાં આવે તો થઈ શકે તેવો ડોકટરશ્રીએ અભિપ્રાય આપેલ છે જેથી, મેડીકલ ઓફીસરશ્રીના પુરાવાને જોતાં આરોપીઓને ગુનામાં સાંકળી શકાય તેવો સમર્થનકારી પુરાવો રેકર્ડ પર રજુ થયેલ છે.

(૯.૩) વિશેષમાં રજુઆત કરતા વિ.સરકારી વકીલશ્રી ઠાકોરએ જણાવેલ છે કે,આરોપીઓએ બનાવ સમયે મારક હથિયાર ધારણ કરી અને મરનારને હાથેપગે લોખંડની પાઈપના ફટકા મારી મરનાર ને મારી નાખવાના ઈરાદે નજીકમાંથી દોરડું લાવી ઝુંપડીમાં ના લાકડાના સરા સાથે દોરડા વડે લટકાવી માનવવધ કરવાના આશયથી મોત નિપજાવી, આરોપી નં.૧,૨ ને આ બાબતની જાણ થતાં મરનારની લાશને સગેવગે કરવાના ઈરાદે મરનારની લાશને ઈકો ગાડીમાં મુકી વાઘજીપુર ગામની સીમમાં પુરાવા

નો નાશ કરવાના આશયથી નાખી દઈ, એકબીજાની મદદગારી કરી ગુનો કરેલ તે હકિકત નિશ્ચિત છે જેથી આરોપીઓને તકસીરવાન ઠરાવવા રજુઆત કરેલ છે.

(૯.૪) વિશેષમાં રજુઆત કરતા વિ.સરકારી વકીલશ્રી ઠાકોરએ જણાવેલ છે કે, આ કામે ભલે પંચનામાના પંચો હોસ્ટાઈલ થયેલા છે પરંતુ તપાસ કરનાર અધિકારીની સોગંદ ઉપરની જુબાનીથી પંચનામા પુરવાર થાય છે અને આ કામે પોલીસ સાહેદો તથા ત.ક. અમલદારની જુબાની નહિ માનવા કોઈ કારણ જણાતું નથી. આ કામે રજૂ કરવામાં આવેલ સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ઉપરથી ફરીયાદપક્ષ આરોપીઓ સામે ઈ.પી.કો.કલમ ૩૦૨,૨૦૧ તથા ૧૧૪ મુજબનો ગુનો નિ:શંકપણે પુરવાર કરેલ હોય જેથી આરોપીઓને તકસીરવાન ઠરાવી સજા કરવા રજુઆત કરેલ છે.

**આરોપીપક્ષની દલીલ :–**

(૧૦) બચાવપક્ષ તરફે વિ.વકીલશ્રી એન.આઈ.દેડકીએ મુખ્યત્વે રજૂઆત કરતા જણાવેલ છે કે, બનાવના મોટાભાગના સાક્ષીઓ હીયરસે વિટનેસ છે અને તેઓએ બનાવ હકીકતને સમર્થન કરેલ ન હોય, જેથી તેમની જુબાનીને અત્યંત સુક્ષ્મ રીતે મુલવવી જોઈએ.

(૧૦.૧) વિશેષ રજુઆત કરતા વિ.વકીલશ્રીએ જણાવેલ છે કે, ફરીયાદપક્ષના આ સાહેદોના પુરાવો વાંચીએ તો, તેઓ ફરીયાદ હકીકતથી વિરોધાભાસી પુરાવો આપેલ છે. ફરીયાદીના પુરાવા મુજબ બનાવની જાહેરાત આપ્યા બાદ વીસ દિવસ બાદ ગુનો દાખલ થયેલો છે તેમજ સદર ફરીયાદી બનાવને કે ફરીયાદને સપોર્ટ કરતા નથી અને ફરીયાદપક્ષે અન્ય સાહેદો કે જેઓએ હીયરસે પુરાવો આપેલો છે તે હકીકત જોતાં આરોપીઓની ગુનામાં ખોટી રીતે

સંડોવણી હોવાનું અને આરોપીઓ વિરુધ્ધ ફરીયાદપક્ષ કેસ સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ હોય તેવું જણાય છે.

(૧૦.૨) વિશેષ રજુઆત કરતાં વિ.વકીલશ્રીએ જણાવેલ છે કે, પંચોએ પંચનામાને સમર્થન કરેલ નથી અને હોસ્ટાઈલ જાહેર થયેલા છે. જેથી ફરીયાદ હકીકતને સમર્થન મળતું નથી.

(૧૦.૩) વિશેષ રજુઆત કરતા વિ.વકીલશ્રીએ જણાવેલ છે કે, આ કામે ગુજરનારના માતા સાહેદ કોકીલાબેન શૈલેષભાઈના ઓએ ફરીયાદ હકીકતને સમર્થન કરેલ નથી અને બનાવ વખતે તેણી કોઠંબા તાલુકાના લાડવેલ ગામે રહેલી હતી અને પોલીસે તેમના છોકરાની લાશ હોસ્પીટલમાંથી સોંપેલી અને તે વખતે લાશ કોહવાઈ ગયેલી. તેમના છોકરાને કોઈ સબંધો હોવાની તેણીને કોઈ જાણકારી નથી.તેણીને બનાવ બાબતે કોઈ જાતમાહીતી નથી. તેઓએ ફરીયાદપક્ષને સમર્થન કરેલ નથી.

(૧૦.૪) વિશેષ રજુઆત કરતા વિ.વકીલશ્રીએ જણાવેલ છે કે, આ કામે સાહેદ ગુંજનકુમાર ગુણવંતભાઈ ઈકો ગાડીના પંચ છે અને તેઓએ તેમની ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે, તેમની હાજરીમાં સદર ઈકો ખોલીને ચકાસણી કરવામાં આવેલી અને તેમણે કબુલ કરેલ છે કે, તે સમયે સદર ઈકો ગાડીની અંદર થી કોઈપણ પ્રકારના નોંધ પ્રકારના ચિન્હો વાળ અથવા અન્ય કોઈ વસ્તુઓ મળી આવેલ નહીં.

(૧૦.૫) વિશેષ રજુઆત કરતા વિ.વકીલશ્રીએ જણાવેલ છે કે, આ કમે તપાસ કરનાર અમલદારનો પુરાવો જોતાં તેમની ઉલટતપાસ માં કબુલ રાખેલ છે કે, ફરીયાદ વીસ દિવસ મોડી આપવામાં આવેલ છે અને હાલના કેસમાં કોઈ નજરે જોનાર સાહેદ મળી

આવેલ નહીં. મરણજનારની લાશ જે ઝુંપડામાંથી મળી આવેલી તે કોની માલીકીનું હતું તે અંગે તેમણે કોઈ દસ્તાવેજી પુરાવો મેળવેલ નહી તેમજ તે અંગેનું કોઈ નિવેદન પણ નોંધેલ નહીં. સાહેદ સુર્યકાંતના મોબાઈલના ફોનના સીડીઆર મેળવી રજુ કરેલ નથી. આરોપીઓના કે મરણજનારના સીડીઆર મેળવી ને રજુ કરેલ નહીં. ઈકો ગાડીના બે પંચનામા કરવામાં આવેલા છે અને ઈકો ગાડી સૌ પ્રથમ જયારે પંચનામાની રૂએ કબજે લેવામાં આવેલી ત્યારે તેમાંથી કોઈ ચીજવસ્તુ મળી આવેલી નહીં. આ કામે ગુનાવાળી જગ્યાનો નકશો રજુ કરવામાં આવેલ નથી અને વાળનો ડી.એન.એ રીપોર્ટ ચાર્જશીટ સાથે રજુ કરેલ નથી અને આજદીન સુધી રજુ કરેલ નથી.

(૧૦.૬) વિશેષ રજુઆત કરતા વિ.વકીલશ્રીએ જણાવેલ છે કે, ફરીયાદપક્ષ નો સમગ્ર કેસ જોવામાં આવે તો, આરોપીઓ વિરુધ્ધ શંકા ઉપસ્થિત કર્યાથી વિશેષ કાંઈ જ નથી અને શંકા ગમે તેટલી બળવતર હોય તેના આધારે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહીં અને તેથી આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો ન હોય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જણાવેલ છે.

(૧૧) આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દાઓ :-**

**મુ.નં.૧ :-** શું ફરીયાદપક્ષ શંકારહિત પુરવાર કરે છે કે, આ કામે મરનાર ગોવીંદ ઉર્ફે કાળીયો રાવજીભાઈ વાઘરીનું મૃત્યુ અકુદરતી થયેલ છે ?

**મુ.નં.૨ :-** શું ફરીયાદપક્ષ શંકારહિત પુરવાર કરે છે કે, તા.૯/૧૦/૨૦૨૨ ના રોજ કલાક ૨૦-૩૦ પહેલા કોઈપણ સમયે મોજે વાઘજીપુર

ગામે ઘડીયા ફળીયામાંથી પસાર થતા રોડ ઉપર કોઈએ કોઈ કારણસર માર મારી ગળાના ભાગે દોરડાનો ગાળીયો બનાવી લટાવી દઈ મરનારના મૃત્યુ બાદ પુરાવા નો નાશ કરવાના આશયથી લાશને વાઘજીપુર ઘડીયા ફળીયા ના રોડ ઉપર નાખી દઈ, ભારતીય દંડ સંહીતાની કલમ ૩૦૨, ૨૦૧, ૧૧૪ મુજબ શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

**મુ.નં.૩ :–** આખરી શું હુકમ ?

**(૧૨) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.**

**મુદ્દા નં.૧ :– હકારમાં.**

**મુદ્દા નં.૨ :– નકારમાં.**

**મુદ્દા નં.૩ :– આખરી હુકમ મુજબ**

## –: કા ર ણો :–

(૧૩) **મુદ્દા નં.૧ :–**

ફરીયાદપક્ષે રજૂ કરેલ પુરાવા આરોપીઓ સામેનું તહોમત પુરવાર કરવા માટે પર્યાપ્ત છે કે કેમ તે અંગેની ચર્ચા કરતા પહેલા એ જોવાનું રહે છે કે, મરણજનાર ગોવીંદ ઉર્ફે કાળીયો રાવજીભાઈ વાઘરીનું મૃત્યુ અકુદરતી થયેલ છે કે કેમ ?

(૧૪) ફરીયાદપક્ષે PW-21 તરીકે ડો.અશ્વીન ભગતસિંહ રાઠોડને આંક–P45 થી તથા PW-2 તરીકે ગુણવંતસિંહ અર્જુનસિંહ પટેલ ને આંક–P4થી અને PW-4 તરીકે ભુપેન્દ્રભાઈ શનાભાઈ પગીને આંક–P16થી તપાસેલા છે. તે ઈન્કવેસ્ટ પંચનામાના પંચો છે અને તેઓએ આંક–P6થી ઈન્કવેસ્ટ પંચનામું રજૂ કરેલું. આ પંચસાહેદો ની જુબાની જોઈએ તો તેમણે સ્થળ ઉપર લાશ જોયેલી અને લાશ એક અજાણ્યા પુરૂષની હતી અને તેઓને પંચનામામાં સહી કરવાનું

કહેતાં સહી કરેલી.

(૧૫) ફરીયાદપક્ષે PW-21 તરીકે ડો.અશ્વીન ભગતસિંહ રાઠોડને તપાસેલા છે તેઓ તેમની આંક P-45ની સોગંદ ઉપરની જુબાનીમાં એવો પુરાવો આપે છે કે,તા.૧૦/૧૦/૨૦૨૨ના રોજ મેડીકલ ઓફીસર તરીકે ફરજ પર હતા ત્યારે શહેરા પોલીસ સ્ટેશનના તપાસ કરનાર અધીકારીએ એક વણ ઓળખાયેલી લાશ શહેરા પોલીસ સ્ટેશનના પો.કો. સંજય પ્રિતમસીહ બકલ નંબર ૧૪૭૦ મારફતે બપોરના ૧–૦૦ કલાકે તેમની તરફ પી.એમ માટે લેખીત યાદી ઈન્કવેસ્ટ મરણોત્તર ફોર્મ સાથે મોકલી આપેલ, જે લાશનુ પી.એમ.તેમને પેનલ ડોકટર મારફતે કરવાનુ ઉચીત જણાતા ડો.સચીન શર્મા અને ડો.વનરાજ સોલંકીને સાથે રાખી મરણજનાર ની લાશનું પી.એમ. તે જ દિવસે બપોરના ૧–૧૫ કલાકે શરુ કરી બપોરના ૩–૧૫ કલાકે પૂર્ણ કરેલ. લાશનું બાહય પરિક્ષણ કરતા લાશ એક અજાણ્યા અંદાજે ૨૦ થી ૨૫ વર્ષની ઉંમરના પુરુષ ની હતી જે લાશ ઉપર આખી બાયનુ ગ્રે કલરનો શર્ટ, ભુરા કલરનું પેન્ટ, પેન્ટમાં બ્રાઉન કલરનો બેલ્ટ, બ્રાઉન કલરની અન્ડરવીયર, ગળાના ભાગે કેસરી રંગના મણકાવાળી કંઠી, જમણા હાથે કાંડા ઉપર કાળા રંગની મણકાવાળી માળા પહેરેલી હતી અને કપડા અકબંધ અને માટીથી ખરડાયેલ હતા. લાશ ઓળખાયેલી ન હતી. લાશ ઓળખાયેલી ન હતી. લાશના ડાબા હાથે ''DAXA" અને દીલનું ટેટુ હતું.લાશનું શારીરીક બંધારણ સામાન્ય અને લાશ ઠંડી પડી ગયેલ હતી. શરીર અકડાઈ જવાની પ્રક્રિયા પૂર્ણ થઈ ગયેલ હતી.પી.એમ.લીવીડીટી બંને પગમાં તથા બટકના ભાગ જોવા મળેલી.તે ફીકસ થઈ ગયેલી હતી અને તેનો કલર ડાર્ક રેડીશ

હતો.લાશ ઉપર નીચે મુજબની ડીકમ્પોઝીશનના ચીન્હો જણાઈ આવેલા. ૧.લાશના પેટનો ભાગ ફુલી ગયેલ હતો. ૨.બંને સાથળ, છાતી, ગળા અને મ્હોના ભાગે મારબલીંગ ઈફેક્ટ જોવા મળેલ હતી. ૩.મ્હોંના ભાગે કઈ જોવા મળેલ નહી.પેટના નીચેના ભાગે ચામડી લીલાશ પડતી થઈ ગયેલી હતી. ૪.મ્હોંના ભાગે તથા ગળાના ભાગે ચામડી સરળતાથી નીકળી જતી હતી.સદર લાશના બંને પગ અને હાથ સીધા હતા. બંને પગના તળીયે લોહીના ડાઘા જોવા મળેલ હતા. કોલમ નં. ૧૭ મુજબ મરણજનારની લાશ ઉપર જે ઈજા થયેલી હતી તે અમો પેનલ ડોકટરોએ અલગ કાગળ ઉપર નોંધી લીધેલ અને તેને પી.એમ.નોટસ સાથે સામેલ રાખી તપાસ કરનાર અધીકારીને સુપ્રત કરેલ જે મુજબ નીચે મુજબની ઈજાઓ જણાઈ આવેલી.

૧.**લીગેચર માર્ક:–**આડો ડાર્ક બ્રાઉન કલરનો ૩૭ સે.મી લાંબો અર્ધપૂર્ણ લીગેચર માર્ક ગળાના આગળના અને પાછળના ભાગ તરફ જતો હતો. તે દાઢીથી ૬ સે.મી. નીચે અને થાઈરોઈડ કાર્ટીલેજની ઉપરના ભાગે જોવા મળેલો. તેની પહોળાઈ ૧.૫ થી ૨ સે.મી જેટલી હતી. ગળાના વચ્ચેના ભાગેથી લીગેચર માર્ક પાછળ ને ઉપર તરફ માસ્ટ્રોઈડ પ્રોસેસ તરફ જતો હતો. ગળાની જમણી બાજુએ તે લીગેચર માર્ક રાઈટ એંગલ ઓફ મેનીબલ (જડબાના ખુણાથી) થી ૭ સે.મી નીચે અને રાઈટ માસ્ટ્રોઈડ પ્રોસેસથી ૫ સે.મી. નીચે હતો. તેની પહોળાઈ ૧.૫ થી ૨ સે.મી. જેટલી હતી. ગળાની ડાબી બાજુએ લીગેચર માર્ક લેફ્ટ એંગલ ઓફ મેન્ડીબલ (જડબાના ખુણાથી)તથા લેફ્ટ માસ્ટ્રોઈડ પ્રોસેસ (કાનના પાછળ ના ભાગે) થી ૩ સે.મી. નીચે હતો. તે આજુબાજુના ચામડીથી ડીપ

હતો. ગળાના ભાગનુ પરિક્ષણ કરતા લીગેચર માર્કની નીચેની માંસ પેશીઓમાંથી અમુક જગ્યાએથી રકતસ્ત્રાવ જોવા મળેલ હતો. હાઈઓઈડ બોન તથા થાઈરોઈડ કાર્ટીલેર્જલેજમાં અસ્થિભંગ જોવા મળેલ ન હતો.૨.ડાબા હાથના વચ્ચેના ભાગે આગળ તરફ એક કપાયેલો ઘા હતો. તેની સાઈઝ ૩ સે.મી. × ૧ સે.મી. હતી તેની માર્જીન કલીન કટ હતી. ૩.ડાબી પાંપણના ઉપરના ભાગે રેડીશ બ્રાઉન કલરનો ઉઝરડો જોવા મળેલો. તેની સાઈઝ ૦.૫ × ૦.૫ સે.મી. હતી. ૪.ડાબા ગાલ ઉપર રેડીશ બ્રાઉન કલરના ચાર ઉજરડા જોવા મળેલા. તેની સાઈઝ ૪.૫ સે.મી. × ૦.૩ સે.મી., ૨.૫ × ૦.૩ સે.મી., ૩ × ૧ સે.મી. , ૧ × ૦.૫ સે.મી.ની જણાઈ આવેલ. ૫.જમણા ગાલ ઉપર રેડીશ બ્રાઉન કલરનો લીટી જેવો ઉજરડો હતો. તેની લંબાઈ ૧૦ સે.મી. હતી. ૬.દાઢી ઉપર છુંદાયેલો ઘા હતો તેનો કલર રેડીશ બ્રાઉન હતો. તેની સાઈઝ ૧ × ૧ સે.મી. હતી. ૭. પેટની જમણી બાજુ લંબર ભાગમાં રેડીશ બ્રાઉન કલરનો ઉજરડો હતો. તેની સાઈઝ ૩ × ૧ સે.મી હતી.૮.ડાબા પગની ઘુંટીની અંદર રેડીશ બ્રાઉન કલરનો ઉજરડો હતો. તેની સાઈઝ ૩ × ૧.૫ સે.મી. હતી.૯.ડાબા પગના અંગુઠા ઉપર ઉજરડો હતો. તેની સાઈઝ ૦.૫ × ૦.૫ સે.મી. હતી. અંગુઠાની બાજુની આંગળીના નીચેના ભાગે બે ઉજરડા જેની સાઈઝ ૦.૫×૦.૫ સે.મી.ના અને રેડીશ બ્રાઉન કલરના હતા. ૧૦.જમણા પગના અંગુઠા ઉપર ઉજરડો હતો તેની સાઈઝ ૦.૫ × ૦.૫ સે.મી. હતી. આ ઉજરડાની નીચે તરફ બીજો એક ૦.૫ × ૦.૫ સે.મી.નો ઉજરડો હતો તે રેડીશ બ્રાઉન કલરનો હતો. ૧૧.જમણા પગની બીજા નંબરની આંગળી ઉપર રેડીશ બ્રાઉન કલર

નો ૦.૫ × ૦.૫ સે.મી. સાઈઝનો ઉજરડો હતો. ૧૨.જમણા પગના પંજાની ઉપરની તરફ રેડીશ બ્રાઉન કલરનો ૦.૫ × ૦.૫ સે.મી.નો ઉજરડો હતો. ૧૩.ગળાની ડાબી બાજુ લીગેચર માર્કની નીચેના ભાગે એક ઉજરડો હતો તેની સાઈઝ ૩ × ૨ સે.મી. હતી. આ ઉજરડાની નીચે એક અન્ય ઉજરડો હતો તેની સાઈઝ ૧ × ૦.૫ સે.મી.હતી તે રેડીશ બ્રાઉન કલરના હતા. ૧૪.ડાબા ખભા ઉપર રેડીશ બ્રાઉન કલરના ૦.૫ ×૦.૫ સે.મી. સાઈઝનો ઉજરડો હતો. ૧૫.ડાબી હાસડીની ઉપર રેડીશ બ્રાઉન કલરનો ૦.૫ × ૦.૫ સે.મી સાઈઝનો ઉજરડો હતો.૧૬.બન્ને ખભા ની પાછળના ભાગે ઘણા બધા ૨૦ × ૭ સે.મી.એરીયામાં ચકામા જોવા મળેલા હતા. દરેક ચકામાની સાઈઝ આશરે ૦.૫ × ૦.૫ સે.મી. જેટલી હતી અને તે બ્લુઈશ બ્લેક કલરના હતા.કોલમ નં.૧૭ ની તમામ ઈજાઓ મૃત્યુ પહેલાની હતી.સદર લાશની આંતરીક તપાસણી કરતા કોલમ નં.૧૯ મુજબ માથાના ભાગે તપાસતા ૭ × ૭ સે.મી. લોહીનો ગઠ્ઠો જમણી બાજુએ કપાળ અને લમણાના ભાગે જમણી આંખ તરફ પસરેલો હતો. ખોપડીના ભાગે કોઈ અસ્થિભંગ જણાઈ આવેલ નહી. મગજને તપાસતા મગજમાં ડીકમ્પોઝીશનને કારણે પ્રવાહી યુકત થઈ ગયુ હતું. કોલમ નં.૨૦ મુજબ છાતીની રચના જોતા દીવાલ અને ફેફસાના પડદા અકબંધ અને સામાન્ય હતા અનેકન્ઠેન્દ્રીય,શ્વાસનળી ઘટ્ટ થઈ ગયેલા હતા. ફેફસા ને તપાસતાં બંને ફેફસા ઘટ્ટ અને સુઝાયેલા હતા અને તેમને કાપતા લોહી મીશ્રીત ફીણ જણાઈ આવેલ.લાશ ઉપરથી રસાયણીક પૃથ્થકરણ માટે જરુરી નમુનાઓ પેનલ ડોકટરો એ લીધેલા હતા અને લાશ વણ ઓળખાયેલ હોય તેના ડી.એન.એ પૃથ્થકરણ અને અન્ય

રસાયણીક પૃથકકરણ માટે તપાસ કરનાર અધીકારીએ સીલબંધ કરી સુપ્રત કરેલા હતા. કોલમ નં.૨૩ મુજબ પેનલ ડોકટરોના અભીપ્રાય મુજબ મરણજનારના મૃત્યુનું કારણ લીગેચર ધ્વારા ગળાના ભાગે દબાણ આવતા શ્વાસ રુંધાવાથી મરણજનારનું મૃત્યુ થયેલ હતું. સદર મરણજનારનું પી.એમ તેઓ તથા સાથેના પેનલ ડો.સચીન શર્મા અને વનરાજ સોલંકીએ કરેલ અને તેઓની સહી ઓળખે છે જે પી.એમ.નોટ આંક P-46થી રજૂ છે. કોલમ નં.૧૭ માં ઈજા નં.૧ તરીકે જે લીગેચર માર્કનું વર્ણન કરેલ છે તે કોઈ પણ ઓબ્જેકટથી ગળાને દબાણ આપવામાં આવે તો ઉદભવી શકે. કોલમ નં.૧૭ ની ઈજા નં.૨ તે કોઈ પણ ધારદાર હથીયાર વડે ઈજા પહોંચાડવામાં આવે તો થઈ શકે. કોલમ નં.૧૭ ની ઈજા નં.૪ થી ૧૫ની ઈજાઓ જો એક કરતા વધારે વ્યકિતઓ ધ્વારા સખત અને બોથડ પદાર્થ વડે માર મારવામાં આવે તો થઈ શકે તેવી હતી. કોલમ નં.૧૭ની ઈજા નં.૧૬ તે વ્યકિતની છાતી ઉપર બેસી જઈ દબાણ આપતા પાછળના ભાગે આ પ્રકારની ઈજા થઈ શકે. આમ, મેડીકલ ઓફીસરના પુરાવા મુજબ મરણજનાર ગોવિંદભાઈનું મૃત્યુ અકુદરતી રીતે થયેલ હોવાનું ફલીત થાય છે જેથી **મુદ્દા નં–૧ નો નિર્ણય <u>''હકારમાં''</u>** આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં.ર</u> :–**

**(૧૬)** આ કામે મેડીકલ પુરાવાથી મરણજનારનું મૃત્યુ અકુદરતી રીતે થયેલ હોવાનું ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરેલ છે, પરંતુ આ મૃત્યુ હાલના આરોપીઓએ મરનાર ગોવિંદભાઈને મારી નાખવાના ઈરાદે અથવા તેવી ઈજાઓ કરવાથી તેનું મોત નિપજશે તેવી જાણકારી સાથે મારક હથિયારથી મરનારને  માથાના ભાગે, ગળાના

ભાગે ગંભીર ઈજાઓ કરી મરનાર ગોવિંદભાઈનું મોત નિપજાવેલ છે કે કેમ? તે બાબતનો ફરિયાદપક્ષે રજૂ કરેલ અન્ય મૌખિક પુરાવો તેમજ દસ્તાવેજી પુરાવો જોઈએ તો, આ કામના ફરીયાદી નરેશભાઈ અનીલભાઈ બારીઆને સાહેદ નં.૧ તરીકે આંક P-1થી તપાસેલા છે. આ ફરીયાદી સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, ઓકટોબર ૨૦૨૨ના અરસામાં તેઓ શહેરા પોલીસ સ્ટેશનમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ ઉપર હાજર હતા તે દરમ્યાન તા.૯/૧૦/૨૦૨૨ ના રોજ સાંજના સાડા આઠેકના અરસામાં વાઘજીપુર ગ્રામ પંચાયત ના સભ્ય શૈલેષભાઈ બનાભાઈ બારીયા નાઓએ તેમના મોબાઈલ નંબર ઉપર એવી જાણ કરેલી કે, વાઘજીપુર,ગડીયા ફળીયામાં એક છોકરાની લાશ પડેલી છે અને તે લાશના ગળાના ભાગે દોરડું છે તેમણે પી.આઈ.શ્રીને વાત કરેલી અને પી.આઈ.શ્રીએ અકસ્માત મોત નોંધવાની સુચના આપતાં તેમણે શહેરા પોલીસ સ્ટેશનમાં અકસ્માત મોત નં.૫૦/૨૦૨૨ ની જાહેરાત આપેલી જે જાહેરાત તેમના લખાવ્યા મુજબની પોલીસ સ્ટેશન અમલદારે નોંધી લીધેલી અને ત્યારબાદ પી.આઈ. સાથે સરકારી વાહનમાં બેસી વાઘજીપુર, ગડીયા ફળીયા ખાતે ગયેલ. ત્યાં જઈને જોયુ તો એક પુરુષની લાશ પડેલી હતી, જેની અંદાજે ઉંમર ૨૦ થી ૨૫ વર્ષની હશે, લાશ ઉંઘી પડેલી હતી, એક આખી બાયનું રાખોડી કલરનું શર્ટ પહેરેલ હતુ અને ભુખરા કલરનું પેન્ટ પહેરેલ હતુ અને ગળાના ભાગે દોરડું હતુ અને મોંઢામાંથી લોહી નીકળતું હતું, લાશ ઉપર ઈજાના નીશાનો જણાય આવેલા, લાશને જોતાં તેના હાથના ભાગે 'દક્ષા' તેવું લખેલું જણાય આવેલું. તેમણે જે દીવસે લાશ જોયેલી તે દીવસે લાશ ઓળખાયેલી ન હતી. બાદમાં ઈન્કવેસ્ટ પંચનામુ કરેલું અને લાશનું

પી.એમ.કરાવવા સી.એચ.સી.શહેરા મુકામે લાવેલા હતા અને પી.એમ.રૂમમાં લાશને મુકીને તેની હકીકત જાહેર કરેલી હતી. વધુમાં ફરીયાદી જણાવે છે કે, પી.એમ. થઈ ગયા બાદ લાશને કોઈ વાલી વારસ મળી આવેલ ન હોય કોલ્ડ રૂમમાં મુકી રાખેલ અને લાશના ફોટા પાડીને અલગ અલગ ગ્રુપમાં તેની ઓળખ થાય તે માટે મોકલી આપવામાં આવેલા. આ સ્ત્રી અને આવેલ છોકરા ને તેઓ સીવીલ હોસ્પીટલ, ગોધરા કોલ્ડ રૂમ ખાતે લાવેલા અને ત્યાં લઈ જઈ આવેલ સ્ત્રીને કોલ્ડ રૂમમાં લાશ બતાવેલી અને તે સમયે આવેલ સ્ત્રીએ લાશ ઓળખી બતાવેલી અને જણાવેલ કે આ મારા છોકરા ગોવીંદ ઉર્ફે કાળીયા રાવજીભાઈ વાઘરીની લાશ છે જે લાશ ઓળખી બતાવેલી તેણે પોતાના ઓરમાનભાઈ તરીકે ઓળખી બતાવેલી. જેથી આ લાશનો કબજો અંતીમવીધી કરવા માટે તેના સગાંવ્હાલાને સોંપવામાં આવેલી. વધુમાં ફરીયાદી જણાવે છે કે,મેડીકલ ઓફીસરને લેખીત યાદી સાથે કરેલ. પી.એમ.નોટમાં ગળાના ભાગે ગાળીયો બનાવી ફાંસો આપી મારી નાંખેલ હોય તેવુ જણાવેલુ. જેથી તેમણે સરકાર તરફે ફરીયાદી થઈ ફરીયાદ નોંધાવાની કાર્યવાહી કરેલી અને ફરીયાદ પોલીસ સ્ટેશનના પી.આઈ. રુબરુ આપેલી હતી અને તેમાં પી.એમ.નોટમાં મેડીકલ ઓફીસરે જે ઈજાઓ દર્શાવેલી તે તમામ ઈજાઓ ફરીયાદમાં વર્ણવી અને આરોપીઓ તરીકે કોઈ નામ મળી આવેલ ન હોય નમુદ નથી તેમ કરી ફરીયાદ આપેલી. જે ફરીયાદમાં તેમની સહી ઓળખી બતાવે છે જે આંક P-2થી રજૂ છે. તેમણે હાલના ગુનાના કામે સૌ પ્રથમ ગુનાની જાહેરાત આપેલી આંકP3થી રજૂ છે.બચાવપક્ષની ઉલટતપાસમાં ફરીયાદી જણાવે છે

કે, લાશ બીનવારસી હાલતમાં મળી આવેલ હતી. જ્યાં લાશ પડી હતી તે જગ્યા જાહેર રોડ છે અને ત્યાં આજુબાજુ ખેતરો પણ આવેલા છે. લાશ બે એક દીવસથી પડી રહી હોય તેવા સંજોગો હતા. સ્થળ ઉપર ગયા ત્યારે રાત્રીનો સમય હતો.એ વાત ખરી છે કે, બનાવની જાહેરાત આપ્યા બાદ વીસ દીવસ બાદ ગુનો દાખલ થયેલો છે.

(૧૭) આ કામે ફરીયાદપક્ષે, સાહેદ નં.૧૫ મરણજનારના માતા કોકીલા બેન શૈલેષભાઈ વાઘરીને આંક P-29થી તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આજથી આશરે બે એક વર્ષ અગાઉ બનેલો અને તેણી બનાવ વખતે કોઠંબા તાલુકાના લાડવેલ ગામે રહેતી હતી અને તે વખતે તેમને શહેરા પોલીસ તરફથી જાણવા મળેલું કે તેના છોકરાની લાશ બામણા ગામેથી મળેલી અને તે બાબતે પોલીસે બામણા ગામના ચારેક લોકોને પકડેલ હતા અને પોલીસે તેના છોકરાની લાશ હોસ્પીટલમાંથી સોંપેલી અને તે વખતે દીકરાની લાશ કહોવાઈ ગયેલી હતી અને તેની અંતીમવીધી કરવા તેમને સોંપતા તેની અંતીમવીધી કરેલી. તેના છોકરાને કોઈ સંબંધો હોવાની બાબતની તેને કોઈ જાણકારી મળેલી નહી. છોકરાને બામણા ગામની કોઈ છોકરી સાથે પ્રેમસંબંધ હતો કે કેમ તેની મને કોઈ માહીતી નથી. પોલીસે તેના છોકરાના ખુન બાબતે જે વ્યકિતઓને અટક કરેલા તેમને તેઓ ઓળખતા નથી. તેના છોકરાના મોબાઈલ નંબર પોલીસને તેમના ઘરમાં લખેલ હતા તે બતાવેલા.આ સાહેદને વિ.પીપીશ્રીની વિનંતીથી હોસ્ટાઈલ જાહેર કરી ઉલટતપાસ લેતાં ફરીયાદ હકીકતને સમર્થન કરેલ નથી. આમ, આ સાહેદનો પુરાવો જોતાં તેઓ તેમની સરતપાસથી વિરૂધ્ધ ની હકીકત તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં જણાવે છે. જેથી

ફરીયાદ હકીકતને સમર્થન મળેલ નથી.

(૧૮) આ કામે ફરીયાદપક્ષે,સાહેદ નં.૭ રવિન્દ્રકુમાર જશવંતભાઈ પટેલ ને આંક P-21થી તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આજથી આશરે દોઢેક વર્ષ અગાઉ બનેલો અને બનાવના સમયે તેમને મજુરીકામ ન હોય તેના ઘરે અગરવાડા મુકામે આવીને રહેતો હતો.બનાવના દીવસે સાંજના સમયે તેની ઉપર કાળીયા વાઘરીનો ફોન આવેલો અને તેણે તેને જણાવેલુ કે, હું ગોભલી ચોકડી ઉપર છુ તો મને આવીને લઈ જાવ. આ કાળીયા વાઘરીને તે ઓળખે છે કારણ તેની બેન વર્ષાબેન દલવાડા મુકામે રહે છે અને આ કાળીયો વાઘરી તેમની બાજુમાં રહેતો હોવાથી તેમને ઓળખે છે. બનાવના દીવસે ખુબ વરસાદ અને વાવાઝોડુ હોવાથી તે કાળીયા વાઘરીને લેવા માટે ગોભલી ચોકડી ગયેલ ન હતો. કાળીયા વાઘરીએ તેને લઈ જવા સીવાય બીજી કોઈ વાત કરેલી ન હતી. તે જે મોબાઈલ નંબર વાપરે છે તે નંબરો તેને મોંઢે નથી પરંતુ તેણે પોલીસને તે નંબરો લખાવેલા અને કાળુ વાઘરી મરી ગયા બાદ પોલીસ મારી પાસે આવેલી અને મને કાળુ વાઘરી મરી ગયો છે તેવું જણાવેલું અને તે સમયે તેની પુછપરછ કરેલી. આ સીવાયની બીજી કોઈ હકીકત તે જાણતો નથી અને આ કાળુ વાઘરી જે મોબાઈલ નંબર વાપરતો હતો તે હાલ તેને યાદ નથી. આરોપીપક્ષે ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે,કાળુ વાઘરી અને તેના કુટુંબ વીશે હું પુરેપુરી જાણકારી ધરાવતો નથી. એ વાત ખરી છે કે,કાળુ વાઘરી શું કામધંધો કરતો હતો તેની પણ મને માહીતી નથી. એ વાત ખરી છે કે, પોલીસે મને જણાવતાં મેં જાણેલુ કે કાળુ વાઘરી મરણ ગયેલ છે. તે કેવી રીતે મરણ ગયેલ

છે તેની મને માહીતી નથી.

(૧૯) આ કામે ફરીયાદપક્ષે, સાહેદ નં.૮ શૈલેષકુમાર બનાભાઈ બારીઆ આંક P-22થી તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ શરદપૂર્ણીમાના દિવસે ઘરેથી ગરબા જોવા માટે નીકળેલ હતો ત્યારે લાશ રોડ ઉપર પડેલી હતીઅને પબ્લીકના માણસો ભેગા થઈ ગયેલા હતા. તેણે લાશને જોયેલ નહીં. તેમણે શહેરા પો.સ્ટે.ના નરેશભાઈના મોબાઈલ નંબર હોવાથી જે જગ્યાએ લાશ પડેલી તે અંગેની માહીતી આપેલી. ત્યારબાદ પોલીસ આવેલી અને તેમણે કાયદેસરની કાર્યવાહી કરેલી તે સિવાય બીજી કોઈ હકીકત તેઓ જાણતા નથી. મરનાર કોણ હતું તેની તેમને માહીતી નથી અને મરનાર કયા ગામનો હતો તેની પણ તેમને કોઈ માહીતી નથી. આરોપીપક્ષે ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે, પોલીસે તેમની કોઈ પુછપરછ કરેલી નહી તેમજ નિવેદન પણ નોંધેલ નહીં.આમ, આ સાહેદનો પુરાવો જોતાં ફરીયાદ હકીકતને સમર્થન મળતું નથી.

(૨૦) આ કામે ફરીયાદપક્ષે, સાહેદ નં.૯ ભુપતભાઈ દિપાભાઈ પગીને આંક P-23થી તેમની સોગંદ ઉપર ની જુબાનીમાં જણાવે છે કે, તેઓ બનાવ અંગેની કોઈ હકીકત જાણતા નથી.તેઓ આરોપીને ઓળખતો નથી.આ સાહેદને વિ.પીપીશ્રીની વિનંતીથી હોસ્ટાઈલ જાહેર કરી ઉલટ તપાસ લેતાં ફરીયાદ હકીકતને સમર્થન આપેલ નથી આરોપીપક્ષે ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે, બનાવ બાબતે તેમને કોઈ જાતમાહીતી નથી. એ વાત ખરી છે કે ગુજરનાર કયાંનો રહેવાસી હતો અને કોણ હતો તેનો મને ખ્યાલ નથી. એ વાત ખરી છે કે, આરોપીઓના નામ શું છે અને કયાંના છે તેનો તેમને ખ્યાલ નથી. એ વાત ખરી છે કે, પોલીસે મારુ કોઈ

નિવેદન લીધેલ નથી. આમ, આ સાહેદે હીયરસે પુરાવો આપેલ છે.

(૨૧) આ કામે ફરીયાદપક્ષે, સાહેદ નં.૧૦ મંજુલાબેન અરવીંદભાઈ પટેલીયાને આંકP-24થી તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તેના પિતાએ ભેંસોની જાળવણી માટે કોઈ વ્યકિત ને કામે રાખ્યો હોય તેવી કોઈ હકીકતની તેને માહીતી નથી અને તેના પિતાને ત્યાં આવતી જતી હોય ત્યારે આવી કોઈ વ્યકિત તેને મળી હોય તેવું પણ જાણતી નથી.તેણી આરોપીઓને ઓળખતી નથી.આ સાહેદને વિ.પીપીશ્રીની વિનંતીથી હોસ્ટાઈલ જાહેર કરી ઉલટતપાસ લેતાં ફરીયાદ હકીકતને સમર્થન આપેલ નથી. આરોપીપક્ષે ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે, બનાવ બાબતે તેને કોઈ જાતમાહીતી નથી.

(૨૨) આ કામે ફરીયાદપક્ષે, સાહેદ નં.૧૧ શોભનાબેન ભોપતભાઈ પટેલ ને આંક P-25થી તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ બાબતે તેને કોઈ માહીતી નથી. આશરે બેએક વર્ષ અગાઉ તેની માતા જે ઘરે રહેતી હતી ત્યાં કોઈની લાશ મળી આવેલ હોય તેવી કોઈ હકીકત તેણી જાણતી નથી. તેણે લાશ જોયેલ નથી અને પોલીસે સ્થળ ઉપર આવી કોઈ કાર્યવાહી કરેલી હોય તેવી કોઈ જાતમાહીતી નથી.

(૨૩) આ કામે ફરીયાદપક્ષે, સાહેદ નં.૧૨ દક્ષાબેન શનાભાઈ માલીવાડ ને આંકP-26થી તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,બનાવના દિવસે મજુરો પૈકી કોઈ મજુરની લાશ તેમના રહેવાના મકાનમાંથી મળી આવેલ હોય તેવી કોઈ હકીકત તેણી જાણતી નથી. બનાવના દિવસે પોલીસ તેમના ગામમાં આવેલી અને તેણે પુછપરછ કરેલી તે સિવાયની કોઈ હકીકત જાણતી નથી.

આ સાહેદને વિ.પીપીશ્રીની વિનંતીથી ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટતપાસ લેતાં પણ ફરીયાદ હકીકતને સમર્થન કરેલ નથી.

(૨૪) આ કામે ફરીયાદપક્ષે, સાહેદ નં.૧૩ સુર્યકાંત ઉર્ફે ડુંગર પ્રવીણસિંહ બારીયા આંકP-27થી તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવના અરસામાં શૈલેષ શનાભાઈ માલીવાડ એ તેની પાસે ઈકો ગાડી તેમની સાસરીમાં જવું છે તેમ કહી માંગેલી હતી જેથી તેણે આ ગાડી શૈલેષભાઈને આપેલી હતી. ત્યારબાદ તેની ઈકો ગાડી શહેરા પોલીસ લઈ ગયેલી હતી. આરોપી પક્ષે ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે શૈલેષ શનાભાઈ માલીવાડ પણ તેમની સાથે ગાડીની વર્ધીમાં જવા માટેનો ધંધો કરતા હોય તેથી તેઓને ઓળખે છે.

(૨૫) આ કામે ફરીયાદપક્ષે, સાહેદ નં.૧૪ સમરતબેન શનાભાઈ બારીયા આંક P-28થી તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આશરે બે ત્રણ વર્ષ અગાઉ બનેલો. બનાવના અરસામાં તેણે નદીની ઘસ ઉપર તેમનું ઝુંપડું બનાવેલું હતું. ત્યાં તેમના ઘરમાંથી કોઈ અવરજવર કરતુ ન હતું. બનાવ બન્યો તે અરસામાં તેમના ઝુંપડામાંથી કોઈની લાશ મળેલી કે કેમ તેની તેમને ખબર નથી. આ સાહેદને વિ.પીપીશ્રીની વિનંતીથી ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટતપાસ લેતાં ફરીયાદ હકીકતને સમર્થન કરેલ નથી. આરોપીપક્ષે ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે આરોપીઓ તેમના ગામના છે તેથી તેમને ઓળખે છે.

(૨૬) આ કામે સાહેદ નં.૧૬ અજયભાઈ શનાભાઈ માલીવાડ તેમની આંક P-30થી તથા સાહેદ નં.૧૭ સુરેશભાઈ શનાભાઈ માલીવાડ આંક P-31થી તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,

તેઓનો ભાઈ શૈલેષ તેની પત્ની તથા બાળકો સાથે જુના ઘરે રહે છે અને બાકીના ભાઈઓ અને ભાભીઓ અને તેઓ તેમના છાપરે રહે છે.બનાવ પછી તેના ઘરે ગયેલો નહીં. બનાવ વખતે તે જાફરાબાદ ગામે કામ કરતો હતો. આરોપી શૈલેષ બનાવ વખતે કયા હતો તેની તેમને ખબર નથી. બનાવની તેમને કોઈ અંગત જાતમાહીતી નથી.બનાવ અંગે તેણે પોલીસમાં કઈ લખાવેલ નથી. આ સાહેદને વિ.પીપીશ્રીની વિનંતી થી ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટતપાસ લેતાં ફરીયાદ હકીકત ને સમર્થન કરેલ નથી. આરોપીપક્ષે ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે, કયા વ્યકિતએ કેવી રીતે અને કયા કારણસર ફાંસો ખાધેલો તેની તેમને માહીતી નથી. એ વાત ખરી છે કે પોલીસે મારુ કોઈ નીવેદન લીધેલ નથી.

(૨૭) આ કામે રીકન્સ્ટ્રકશન પંચનામાના સાહેદ ગણપતસીંહ અણદાભાઈ ખાંટ તેમની આંક P-32થી તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તેઓને આરોપીઓની ઓળખ કરાવી તે સમયે શહેરા પોલીસે એક વીડીયોગ્રાફરને શહેરા નગરમાથી બોલાવેલા. જેમનું નામ શ્યામલભાઈ રમણલાલ પટેલનું હતુ અને આરોપીઓએ પોતે બનાવ સંદર્ભીત ઘટનાક્રમ અંગે હકીકત જણાવેલી. આ સમયે પોલીસે બનાવમા મરણજનાર વ્યકિત ગોવીંદ ભાઈના ડમી તરીકે એક વ્યકિતને બોલાવેલો અને તેની પણ ઓળખ પંચો સાથે કરાવેલી અને પોલીસ સ્ટેશનમાં આ તમામ બાબતનું પંચનામું લખી લેવામાં આવેલ અને પ્રાથમીક પંચનામુ પૂર્ણ કરી પંચોની સહીઓ કરાવી પોલીસ અધીકારીએ સહી કરેલી અને ત્યારબાદ સરકારી વાહન અને ખાનગી વાહનમાં પોલીસના માણસો પંચો, આરોપી, વીડીયોગ્રાફર તથા અન્ય વ્યકિતઓ

બનાવવાળી જગ્યાએ જવા માટે રવાના થયેલા.વધુમાં સાહેદ જણાવે છે કે, ત્યારબાદ પંચો, પોલીસના માણસો સાથે આરોપીઓએ બતાવેલી જગ્યા ઉપર મોરવા(હ) તાલુકાના બામણા ગામે ગયેલા અને ગાડીઓ ઉભી રખાવી બધા નીચે ઉતરી આરોપીઓને ઘટનાક્રમ અંગે જણાવવા જણાવેલું અને વીડીયોગ્રાફરે વીડીયોગ્રાફી ચાલુ રાખેલી ગાડીમાંથી જયા ઉતરેલા ત્યાંથી અંદાજે ૨૦૦ મીટર દુર ખેતરોના પાળાની નજીકમાં એક ઝુંપડું આવેલું હતું. ત્યાં આરોપીઓએ વર્ણવેલ ઘટનાક્રમ મુજબ મરણજનારના ડમીને ખાટલા ઉપર બેસાડેલ ત્યાં બંને આરોપીઓ આજુબાજુમાં આવીને બેસે છે પછી બંને આરોપીઓ વાતો કરતા કરતા આરોપી જગદીશભાઈ મરણજનારનું કોટીયુ પકડી ઝપાઝપી કરે છે અને આરોપી સંજય પણ મરણજનાર ની સાથે ઝપાઝપી કરે છે અને તે સમયે વર્ણવેલ ઘટનાક્રમ મુજબ આરોપી સંજય ઝુંપડામાંથી બહાર જઈ એક કુહાડી લાવે છે અને માથાના ભાગે મરણજનારના ડમીને બે ફટકા મારી દે છે અને તે સમયે મરણજનારના ડમી ખાટલા ઉપરથી નીચે પડી જાય છે અને તે સમય વર્ણવેલ ઘટના મુજબ આરોપી જગદીશ બહાર જઈ એક પાઈપ લાવે છે અને મરણજનારને હાથપગ ના ભાગે મારે છે અને મરણતોલ હાલતમાં રાખી દોરડુ લાવે છે જે વર્ણવેલ ઘટનાક્રમ મુજબ આરોપી જગદીશ લઈ આવે છે અને તે દોરડું આરોપી સંજયને આપે છે અને સંજય તે દોરડાનો ગાળીયો બનાવે છે અને આ ગાળીયો મરણજનારના ગળાના ભાગે ભરાવી ગાળીયો ઉંચો કરી ઝુંપડાના સરાના ભાગમાં નાખી છે અને આ નાખી દઈ મરણજનારને લટકાવી દઈ બન્ને જણ

નીકળી જાય છે.આ સમગ્ર ઘટનાક્રમનું વિગતવારનું પંચનામું પંચો ની હાજરીમાં પોલીસ અધીકારીએ લખી લઈ તેઓની સહીઓ મેળવેલી અને તમામ ઘટનાક્રમ અંગે વીડીયોગ્રાફી પણ કરી લેવામાં આવેલી. જે પંચનામું આંક P-33 થી રજૂ છે.ત્યારબાદ પોલીસે આ બનાવમાં વાપરેલ હથીયાર આરોપીઓએ રીકન્સ્ટ્રકશન પંચનામા સમયે રજુ કરતા પંચનામાની રુએ કબજે લીધેલ. આરોપી જગદીશે એક લોખંડની પાઈપ ઝુંપડાની બાજુમાં પડેલી હતી તે રજુ કરેલી અને સાંજે કુહાડી રજુ કરેલી તેમજ સમરતબેને એક દોરડુ રજુ કરેલ. જે મુદ્દામાલ પોલીસે પંચોની રૂબરૂ વીગતવારનું પંચનામું કરી ગુનાના કામે કબજે લીધેલ જે પંચનામું આંક P-34થી રજૂ છે. તેઓને મુદ્દામાલ આર્ટીકલ નં.૯ વાળી કુહાડી બતાવતા તે જોઈને કહે છે કે પંચોની હાજરીમાં આરોપી સંજય રંગીતભાઈ બારીયાએ રજુ કરેલી અને તે પોલીસે પંચોની હાજરીમાં વીગતવારનું પંચનામુ કરી કબ્જે કરેલ. તેમાથી નીકળેલ પાવતીમાં પંચ નં ૧ તરીકે તેમની તથા નં.ર તરીકે નરેન્દ્રસીંહની સહી છે જે કાપલીને આંક P-35થી રજૂ છે. તેઓને મુદ્દામાલ આર્ટીકલ નં.૧૦વાળી પાઈપ બતાવતા કહે છે કે તેઓ પંચોની હાજરીમાં આરોપી જગદીશભાઈ એ રજુ કરેલી અને તે પોલીસે પંચોની હાજરીમાં વીગતવારનું પંચનામું કરી કબ્જે કરેલ.તેમાંથી નીકળેલ પાવતીમાં પંચ નં.૧ તરીકે તેમની તથા પંચ નં.ર તરીકે નરેન્દ્રસીંહની સહી છે જે કાપલીને આંકP-36થી રજૂ છે.તેઓને મુદ્દામાલ આર્ટીકલ નં.૧૬ વાળુ સુતરનું દોરડું બતાવતા જોઈને કહે છે કે તે પોલીસે તેઓની રુબરુ માપી અને કબ્જે લીધેલું તે જ દોરડું છે જેમાંથી નીકળેલ કાપલીમાં પંચ નં.૧ તરીકે તેમની તથા પંચ નં.ર તરીકે નરેન્દ્રસીંહની સહી છે, જે સ્લીપ આંક P-37

થી રજૂ છે. તેઓને મુદ્દામાલ આર્ટીકલ નં.૧૭ વાળો દોરડાનો ટુકડો બતાવતા ગાળીયાવાળો ટુકડો જોઈને કહે છે કે તે પોલીસે તેઓની રુબરુ કબ્જે લીધેલું તે જ દોરડાનો ટુકડો છે. આરોપી પક્ષે ઉલટતપાસમાં ઈન્કાર કરેલો છે કે મારી રૂબરૂમાં મુદ્દામાલ દોરડુ અને કુહાડી કબજે લેવામાં આવેલ નહીં. એ વાત ખરી નથી કે પોલીસે તૈયાર લખેલા પંચનામામાં મારી સહીઓ લીધેલી તે સિવાય હુ કંઈ જાણતો નથી.

(૨૮) આ કામે ઈકો ગાડીના પંચનામાના સાહેદ ગુંજનકુમાર ગુણવંતભાઈ કંસારા તેમની આંક P-38થી તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તેઓએ એક મારુતી સુઝુકી કંપનીની ઈકો કાર જોયેલી હતી જે સફેદ કલરની હતી. જે ઈકો કાર પર રજી. નંબર જી જે ૧૮ બી ૭૦૯૪નો લખેલો હતો. આ ઈકો કારના આગળના ભાગે આવેલ બમ્પર ઉપર ''જય સીકોતર માં'' લખેલ હતું. આ જે ઈકો કાર હતી તેના આગળના ભાગે આવેલ કાચની ડાબી બાજુએ ''અમી ઓટો ઈડર'' એવુ કઈક લખેલુ હતુ. પોલીસે તેમની હાજરીમાં આ ઈકો કાર ખોલી અને અંદરના ભાગેથી પણ જોઈ ચકાસી હતી અને પંચોની હાજરીમાં કારની આગળનો ભાગ તથા વચ્ચે સીટોવાળો ભાગ જોયો તપાસ્યો હતો. આ કારને અંદરના ભાગેથી જોતાં સીટની વચ્ચે આવેલ ફલોરમેટના પાછળના ભાગે લોહીના ધબ્બા જેવું જણાઈ આવતા ફલોર મેટ પોલીસે તેમની હાજરીમાં તપાસના કામે કબ્જે લીધેલ.આ કારની અંદરથી તપાસણી કરતા એક વાળ મળી આવેલ જે માથાનો હોય તેવું જણાતા પોલીસે આ વાળ એક કવરમાં પંચોની હાજરીમાં તપાસ અર્થે કબ્જે લીધેલ. આ સમયે પોલીસ અને પંચોના માણસ સીવાય

પણ એક અધીકારી હાજર હતા.આ ચકાસણી કારની કરી તે અંગે અને મુદ્દામાલ તરીકે ફ્લોરમેટ અને વાળ તપાસ અર્થે કબ્જે લીધેલ તે અંગેનું લખાણ પંચોની હાજરીમાં સ્થળ પર કરવામાં આવેલ અને પોલીસે તેમની તથા બીજા પંચની સહી કરાવેલી. મુદ્દામાલ આર્ટીકલ નં.૧૧ના પેકેટમાંથી ફ્લોરમેટ નીકળેલ જે તેમની હાજરીમાં પોલીસે ઈકો કારમાંથી કબજે લીધેલ. જે કાપલી આંક P-41થી રજૂ છે.આરોપીપક્ષે ઉલટતપાસમાં સ્વીકાર કરેલ છે કે,તેઓને તા.૩/૧૧/૨૨ના રોજ પો.સ્ટે. પંચ તરીકે કાર્યવાહીમાં સામેલ રહેવા બોલાવેલ અને તે વખતે સદર ઈકો ગાડી ખોલીને તેની અંદર ચકાસણી કરવામાં આવેલી.એ વાત ખરી છે કે, સદર ઈકો ગાડીની અંદર કોઈપણ પ્રકારની નોંધપાત્ર ચીન્હો, વાળ અથવા અન્ય કોઈ વસ્તુ મળી આવેલ નહી તે બદલ તા.૩/૧૧/૨૨ ના રોજ પંચનામુ કરવામાં આવેલ.

(૨૯) આ કામે સાહેદ શ્યામલ રમણલાલ પટેલ, ફોટોગ્રાફી તથા વિડીયોગ્રાફી કરનાર તેમની આંક P-42થી તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તેઓની પોલીસ સ્ટેશનમા હાજર આરોપી ની ઓળખ કરાવેલી અને અન્ય વ્યકિતઓની પણ ઓળખ પંચ તરીકે તથા મરણજનારના ડમી વ્યકિત તરીકે કરાવેલી અને આ સમયે પોલીસ સ્ટેશનમા અન્ય પોલીસ અધીકારીઓ પણ હાજર હતા. આ સમયે પોલીસે પોલીસ સ્ટેશનમા સમજ કર્યા બાબત નું લખાણ લખી લઈ ત્યારબાદ આરોપી અને પી.આઈ અને પોલીસના માણસો સરકારી વાહનમાં બેઠા હતા અને તે તથા પંચો, મરણજનારનો ડમી તથા પોલીસના અન્ય માણસો ખાનગી વાહનમાં બેઠા હતાઅને પી.આઈ.શ્રીએ તેમને આપેલ સુચના મુજબ

પોલીસ સ્ટેશનથી નીકળી અને સરકારી વાહન જેમ ચાલે તેમ ખાનગી વાહન પાછળ લાવવા સુચના આપેલી અને અમોને આ તમામ કાર્યવાહીની વીડીયોગ્રાફી કરવાની સુચના આપેલી. તેઓ પોલીસ સ્ટેશનથી નીકળ્યા તે અંગેની વીડીયોગ્રાફી કરી કેમેરો બંધ કરેલ અને ત્યારબાદ વાઘજીપુરવાળા રસ્તે થઈ બામણા ગામે પહોંચેલા હતા અને ત્યાં સરકારી વાહન ઉભુ રહેતા તેમનું ખાનગી વાહન પણ ઉભું રાખવામાં આવેલ અને સરકારી વાહનમાં થી પી.આઈ.,આરોપીઓ અને પોલીસના માણસો નીચે ઉતરેલા અને ખાનગી વાહનમાંથી તે તથા પંચોના માણસો મરણજનારનો ડમી વીગેરેનાઓ નીચે ઉતરેલા અને પી.આઈ.ના કહેવાથી તેમણે ત્યાંથી વીડીયોગ્રાફી શરુ કરેલી અને તે સમયે વાહનમાંથી ઉતર્યા બાદ આરોપીઓએ બતાવેલી જગ્યાએ જવા માટે ચાલતા ચાલતા ખેતરવાળા રસ્તે થઈ અને આરોપીઓએ જે જગ્યાએ ગુનાને અંજામ આપેલો તે બનાવવાળી જગ્યાએ પહોંચેલા. આ સમયે આરોપીઓ તથા મરણજનારના ડમીને બનાવવાળી જગ્યા કે જે પતરાવાળુ કાચું ઝુપડુ હતું તેમા એક ખાટલા ઉપર આરોપીઓએ જણાવ્યા મુજબ આરોપી અને મરણજનારના ડમી ને બેસાડેલા અને તેમને જે પ્રમાણે ગુનાને અંજામ આપેલો તે મુજબનું વર્ણન કરતા તે મુજબની હકીકત જણાવતા એક કુહાડી ની લાકડાના મુદરથી મરણજનારના ડમીને માથામાં મારી દીધા બાદ દોરડા વડે બન્ને આરોપીઓએ મરણજનારના ડમીને ગળે ફાંસો આપવા માટેની કાર્યવાહી કરેલી અને તે સમયે એક લોખંડની પાઈપ વડે પગના ભાગે મારવાની પણ કાર્યવાહી કરેલી જે તમામની વીડીયોગ્રાફી તેમણે સતત ચાલુ રાખી કરી લીધેલી

અને ત્યારબાદ બંને આરોપીઓએ મરણજનારને દોરડા વડે ઝુંપડામાં જે લાકડા ઉપર પથરા ગોઠવવામાં આવેલા તે લાકડા ઉપર મરણજનારના ડમીને લટકાવવાની કાર્યવાહી કરેલી અને તે અંગેની વીડીયોગ્રાફી અમોએ કરી લીધેલી અને આ તમામ કાર્યવાહી કર્યા અંગેનું લખાણ ત્યાં પોલીસ અધીકારીએ કરેલુ અને બધાની સહીઓ મેળવેલી અને ત્યારબાદ તેઓ બધા ત્યાંથી પરત પોલીસ સ્ટેશન આવેલા અને સ્થળ ઉપર પોલીસ અધીકારીના કહેવાથી વીડીયોગ્રાફી બંધ કરેલ. ત્યારબાદ તેમણે જે વીડીયોગ્રાફી કરેલ હતી તે અંગે સીડી બનાવવા માટે સ્ટુડીઓ ઉપર જઈ વીડીયો કેમેરામાંથી વીડીયો શુટીંગ કરેલું તેની ચીપ કાઢી અને કોમ્પ્યુટર માં લઈ તેની ડીવીડી/સીડી બનાવી અને તેમણે તપાસ કરનાર અધીકારીને તે સુપ્રત કરેલી અને આ ડીવીડી/સીડી જે બનાવવામાં આવેલી તે ડીવીડીમાં કોઈ જ છેડછાડ કે ફેરફાર થયેલ નથી તે અંગેનું પ્રમાણપત્ર તૈયાર કરી તેમની સહી કરી શહેરા પો.સ્ટે.ના પોલીસ અધીકારીને સુપ્રત કરેલ અને આ કરેલ તમામ કાર્યવાહી અંગે શહેરા પોલીસ સ્ટેશન પાસેથી તેમના મહેનતાણાના નાણાં લેવા માટે એક બીલ પણ શહેરા પો.સ્ટે.ના પી.આઈ. ને ઉદ્દેશીને આપેલ હતું,જે પ્રમાણપત્ર આંક P-43થી તથા વીડીયો ગ્રાફીના મહેનતાણાનું બીલ આંક P-44થી તથા પંચનામું આંક P33 થી રજૂ છે.આરોપીપક્ષે ઉલટતપાસમાં સ્વીકાર કરેલો છે કે, સર્ટી. પોલીસે અગાઉથી તૈયાર રાખેલ અને તેમાં તેમને સહી કરવાનું કહેતા તેણે તેમાં સહી કરેલી.

(૩૦) આ કામે સાહેદ પંકજકુમાર કનુભાઈ પટેલ, સાયન્ટીફીક ઓફીસર, મોબાઈલ ઈન્વેસ્ટીગેશન વાનનાઓ તેમની આંક P-47થી

તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા. ૨૩/૧૦/ ૨૨ ના રોજ સાયન્ટીફીક ઓફીસર તરીકે મોબાઈલ ઈન્વેસ્ટીગેશન વાન ગોધરા ખાતે ફરજ બજાવતા હતા તે દરમ્યાન કલાક ૧૫–૦૦ વાગે પોલીસ કન્ટ્રોલ ગોધરાના ટેલીફોનીક મેસેજ અનુસાર શહેરા પોલીસ સ્ટેશન અકસ્માત મોત નં.૫૦/૨૦૨૨, સીઆરપીસીની કલમ ૧૭૪ અન્વયે મોજે બામણા ગામે બનેલ અકસ્માત મોતના કામે શંકાસ્પદ જગ્યાની સ્થળ મુલાકાતની વર્ધી મળેલ હતી, જેની સ્થળ મુલાકાત તે જ દિવસે કલાક ૧૬–૧૫ વાગ્યાથી કલાક ૧૭–૩૦ વાગ્યા દરમ્યાન કરેલ હતી. શહેરા પી.આઈ.શ્રી આર.કે. રાજપુતે તેમની સાથે હાજર રહેલ પોલીસ સ્ટાફની હાજરીમા જગ્યા બતાવી ટુંક હકીકતો જણાવેલ હતી. સદર સ્થળે કરસાટામાથી બનેલા પૂર્વ દિશાના પ્રવેશ ધ્વાર વાળી કરસાટા ના ભીતોવાળી છતપર સિમેન્ટના પતરાવાળી છાપરા જેવી રચના જોવા મળેલી હતી. જેની દક્ષિણ દિશામા પશ્ચિમ તરફની ભીતે ઈંટો ગોઠવી બનાવેલ દરવાજા જેવી રચના પર કાળો ધાબળો જોવા મળેલ હતો. સદર છાપરાની ભોંયતળીયે પશ્ચિમ તરફના અડધા ભાગમાં સિમેન્ટ કોંન્ક્રીટનો ભાગ અને પૂર્વ તરફના અડધા ભાગમા જુનુ લીં પણ અને ખોદાયેલ માટીવાળો ભાગ જોવા મળેલ હતો. છાપરાના દરવાજાની દક્ષિણમાં પૂર્વ ભીંતે આડી સ્થિતીમાં લાકડાનો ઢગ જોવા મળેલો. સદર લાકડાની પશ્ચિમ દિશામાં રાખોડી પાટી વાળો લાકડાનો પલંગ ઉભી કરી મુકેલ સ્થિતીમા જોવા મળેલ હતો. સદર છાપરામાં ભોંય તળીયે પ્રવેશ ધ્વારથી આશરે ૧૦ ફુટ દૂર પશ્ચિમ દિશામાં અને ઉત્તર ભીતથી આશરે ૫ ફુટ ૬ ઈંચ દૂર દક્ષિણ દિશા તરફ છાપરાના છતના વચ્ચે આવેલ લાકડાનો સરો જે

ઉત્તર–દક્ષિણ સ્થિતીમા હતો તેની નીચે સિમેન્ટ કોંન્ક્રીટના ભોંયતળીયે આશરે ૧ ફુટના અનિયમીત ઘેરાવામાં છુટાછવાયા રતાશ પડતા ભુખરા ડાઘાઓ જોવા મળેલા હતા. જે ઘેરાવામાં દક્ષિણ તરફના ૫ ઈંચના ઘેરાવામાં સિમેન્ટ કોન્ક્રીટ તાજુ ખોદાયેલ હોય તે સ્થિતીમાં જોવા મળેલ.સદર ડાઘાની ઉપર છત ઉપર મધ્ય ભાગે આવેલ ઉપરોકત લાકડાના સરા પર પૂર્વ દિશા તરફના સામેના ૨ ઈંચ સિવાયના ભાગમા ઉપરથી નીચે તરફ આશરે ૨ ઈંચ પહોળાઈ ના તાજા ઘસારાના ચિન્હો જોવા મળેલા હતા. ઉપરોકત સરો આશરે એક ફુટ જાડાઈનો હતો. સદર સરા પરના દર્શાવેલ ઘસારાના ચિન્હો અકસ્માત મોતના કામે જોતા પ્રાથમિક રીતે શંકાસ્પદ પ્રકારના જણાયેલ હતા.ઉપરોકત જગ્યાએ ભોંયતળીયાથી સરાની ઉપલી સપાટી સુધીની ઉંચાઈ આશરે ૭ ફુટ ૬ ઈંચ જણાયેલ હતી. મરણજનારની ઉંચાઈ આશરે ૪ ફુંટ ૯ ઈંચ હોવાનું તપાસ કરનાર અમલદાર મારફત જાણવા મળેલ હતું. ઉપરોકત છાપરામાં ઉભા કરેલ પલંગની ઉચાઈ ભોંયતળીયાથી આશરે ૧ ફુટ ૬ ઈંચ જણાયેલ હતી અને જે જગ્યાએ બનાવ બનેલ તે સરા નીચે નિરીક્ષણ સમયે અકસ્માત મોત સબંધિત કોઈ આર્ટીકલ જોવા મળેલ ન હતો. ભોંયતળીયા પર દર્શાવેલ રતાશ પડતા ભુખરા ડાઘાથી દરવાજા વચ્ચેની માટી અમુક અમુક ભાગમા ખોદાયેલ સ્થિતીમાં જોવા મળેલ હતી. સદર છાપરામા ઉત્તર ભીંત નજીક આશરે ૨ ફુટ ૯ ઈંચ લંબાઈનો પકડવાના ભાગે ગુલાબી કાપડથી બંધાયેલ એક કરસાટો જોવા મળેલ હતો. તે કરસાટાના મધ્ય ભાગે અમુક અમુક કરસાટીમાં ભુખરા ડાઘા જોવા મળેલ હતા. છાપરામાં મુકેલ આડા લાકડાના ઢગ નીચે પશ્ચિમ તરફ આશરે

૨ ફુટ લંબાઈનો લાકડાના હાથાવાળો અને આશરે ૬×૬ ઈંચ ધાતુના ફળવાળો પાવડો જોવા મળેલ હતો જે પાવડાના ફળની નીચેના ભાગે થોડા કાટ જેવા ડાઘા અને માટી સાથેના રતાશ પડતા ભુખરા ડાઘા જોવા મળેલ હતા.સદર છાપરાના આંગણામાં દરવાજાથી આશરે ૮ ફુટ દૂર પૂર્વમાં ૭ ફુટ લંબાઈમાં કરસાટાથી વાળેલ હોય તેવા વાળેલાના ચિન્હો જમીન/માટીમાં સીધા પટા સ્વરુપમાં જોવા મળેલ હતા તે સિવાય નિરિક્ષણ સમયે બીજા કોઈ નોંધપાત્ર ચિન્હો જોવા મળેલ ન હતા.ઉપરોકત અહેવાલમાં દર્શાવેલ અને કોન્ક્રીટ, પાવડા અને કરસાટાના ડાઘાની રુધિર અંગેની પ્રાથમિક કસોટી કરતા સદર ડાઘા પ્રાથમિક રીતે રુધિરના હોવાના જણાયેલા. આ સ્થળ પરિક્ષણ સબંધમાં અને નમુનાઓના સબંધમાં જરુરી માર્ગદર્શનો પુરા પાડી મૌખિક સુચનો કરી છાપરામાંના સિમેન્ટ કોન્ક્રીટ પરના ડાઘા પરથી ઘસેલો કોટન થ્રેડ, સિમેન્ટ કોન્ક્રીટ પર ડાઘા વગરના ભાગેથી ઘસેલો કન્ટ્રોલ સેમ્પલ માટેનો કોટન થ્રેડ, લાકડા નીચેનો માટી તથા ડાઘાવાળો પાવડો, ઉત્તર ભીંત નજીકનો કરસાટો, છાપરામાંના રતાશ પડતા ભુખરા ડાઘા અને દરવાજા વચ્ચેની ખોદાયેલ ભાગની માટી,અકસ્માત મોતના કામે અગાઉ તપાસ દરમ્યાન કબ્જે લીધેલ નમુનાઓ વિગેરે જરુરી તથા વધુ જૈવિક અને ભૌતીકીય પૃથ્થકરણ અંગે એફ.એસ.એલ ખાતે મોકલવા સુચન કરેલ હતું.આ અંગેનો સ્થળ પરીક્ષણ અહેવાલ આંક P-48થી રજુ છે.

(૩૧) આ કામે સાહેદ નરેશકુમાર રમેશભાઈ ધ્યાનમ તેમની આંક P-47 થી તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, નવેમ્બર ૨૦૨૨ના અરસામા ઈન્ચાર્જ સાયન્ટીફીક ઓફીસર

મોબાઈલ ઈન્વેસ્ટીગેશન વાન દાહોદ અને ગોધરા તરીકે ફરજ બજાવતા હતા તે સમયે તેમને તા.૪/૧૧/૨૦૨૨ના રોજ પોલીસ કન્ટ્રોલ રુમ તરફથી એક જાણ શહેરા પોલીસ સ્ટેશન ગુના રજી. નં ૮૦૫/૨૦૨૨ ના કામે પોલીસ ધ્વારા જે ગાડીમા મરણજનાર ની લાશ લઈ જઈ ફેંકી દેવામા આવેલી તે ગાડી શહેરા પોલીસ સ્ટેશને ગુનાના કામે કબ્જે લઈ શહેરા પોલીસ સ્ટેશનમા રાખેલ છે અને તે ગાડીનું પરિક્ષણ કરવાનું છે તેવી જાણ કરેલી. જેથી તા.૫/૧૧/૨૦૨૨ના રોજ તેમની વાન સાથે બપોરના ૧૧–૪૫ થી ૧૩–૩૦ દરમ્યાન શહેરા પોલીસ સ્ટેશને ગયેલા અને ત્યાં તપાસ કરનાર અમલદાર ધ્વારા જે ગાડી શહેરા પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવેલી તે ઈકો સ્ટાર સફેદ રંગ ની ગાડીની તેમણે શહેરા પોલીસ સ્ટેશનના અ.પો.કો. અશોકભાઈ કમળસીંહની રુબરુ વૈજ્ઞાનિક ઢબે પરિક્ષણ કરવાનુ શરુ કરેલુ, જે ગાડીને જોતા તેના ઉપર જી જે ૧૮ બી ઈ ૭૦૯૪ નંબરની નંબર પ્લેટ લગાવેલી હતી અને અંદરના ભાગે જોતા ગાડીના પાછળના ભાગેથી ડાબી બાજુની સીટના ભાગે એક ૪.૫ સે.મી.નો વાળ મળી આવેલ જે વાળ માનવ વાળ હોવાનુ પ્રાથમિક તપાસણીમા જણાઈ આવતા તે અમોએ વૈજ્ઞાનિક ઢબે કબ્જે લઈ શહેરા પોલીસ સ્ટેશનના પો.કો.અશોકભાઈ કમળસીહને સોંપેલ અને જમણી બાજુ ના સીટની નીચે જે કાળા કલરના ફલોરમેટ પાથરેલ હતા જે રબ્બર જેવા મટીરીયલના હતા તેમા આ ફલોરમેટના કીનારીના મધ્ય ભાગે અનિયમીત આકારમા રતાશ પડતા ડાઘા ૬ ઈંચ જેટલા ઘેરાવામાં જોવા મળતા અને તે રુધિર હોવાનું જણાતાં તેને વધુ તપાસ કરાવવાની જરુરી જણાતા વાળ અને ફલોરમેટ આગળની

તપાસણી માટે મોકલવા માટે જરુરી સુચનાઓ આપી સ્થળ પરિક્ષણ અહેવાલ પોતાના હસ્તાક્ષરમાં તૈયાર કરી સહી કરેલ જે આંક P-50થી રજૂ છે.

(૩૨) આ કામે ફરીયાદપક્ષે, પોલીસ સ્ટેશન અમલદાર, નટવરસિંહ ચંદુભાઈ ખાંટનાઓને આંક P-51થી તપાસેલા છે, તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવો પુરાવો આપે છે કે, ઓકટોબર ૨૦૨૨ના અરસામા શહેરા પોલીસ સ્ટેશનમા પીએસઓ તરીકે ફરજ બજાવતા હતા તે સમયે તા.૧૦/૧૦/૨૦૨૨ના રોજ પો.સ્ટે.ના અ.પો.કો નરેશભાઈ અનીલભાઈએ વાઘજીપુર ઘડીયા ફળીયામાંથી એક પુરુષ ઈસમની લાશ મળી આવેલી તે બાબતે અકસ્માત મોતની જાહેરાત દાખલ કરાવેલી જે તેમણે તેઓના લખાવ્યા મુજબની લખી લીધેલી અને શહેરા પોલીસ સ્ટેશન અકસ્માત મોત નં.૫૦/૨૦૨૨થી જાહેરાત નોંધી લઈ સુચિપત્ર તૈયાર કરી અકસ્માત મોતની તપાસ પો.સ્ટે. ના પી.આઈ.આર.કે.રાજપુતને સુપ્રત કરેલી અને અકસ્માત મોતની હકીકત મુજબ મરણજનારની લાશનુ પી.એમ. કરાવવુ જરુરી હોય ઈન્કવેસ્ટ ભરવા માટે એકઝી.મેજી.શ્રી શહેરા ને તેમની સહીથી લેખીત યાદી કરેલી.ત્યારબાદ તા:૨૯/૧૦/૨૦૨૨ના રોજ શહેરા પોલીસ સ્ટેશનમાં પીએસઓ તરીકે ફરજ પર હાજર હતા તે વખતે તેમણે નોંધેલ અકસ્માત મોત નં.૫૦/૨૦૨૨ ના કામે મરણજનારની લાશનું પી.એમ.થયા બાદ મેડીકલ ઓફીસરશ્રી ના અભિપ્રાય મુજબ અમારા પોલીસ સ્ટેશનના અ.પો.કો. નરેશકુમાર અનીલભાઈએ મરણજનારના મોત બાબતે ફરીયાદ હકીકત જાહેર કરેલી જે તેઓના લખાવ્યા મુજબની

પોલીસ સ્ટેશનના પી.આઈ.આર.કે.રાજપુતનાઓએ નોંધી લઈ તેમની તરફ ગુનો રજી. થવા માટે મોકલી આપતા તેમણે ફરીયાદ હકીકત વંચાણે લઈ ગુનો ઈપીકોની કલમ ૩૦૨, ૨૦૧ મુજબ નો બનતો હોય શહેરા પોલીસ સ્ટેશન ગુના રજી. નંબર ૮૦૫/૨૦૨૨થી ગુનો રજી. કરી આગળની તપાસ પી.આઈ. આર.કે.રાજપુતને સુપ્રત કરેલ.આરોપીપક્ષે ઉલટતપાસમાં સ્વીકાર કરેલ છે કે, ફરીયાદ ૨૦ દીવસ મોડી નોંધાયેલ છે.એ વાત ખરી છે કે ફરીયાદમા આરોપીઓના કોઈ નામ નોંધેલ નથી.

(૩૩) આ કામે ફરીયાદપક્ષે, તપાસ કરનાર અધિકારી, રાહુલ કલ્યાણ સિંહ રાજપુતને આંક P-55થી તપાસેલા છે.તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવો પુરાવો આપે છે કે, તેઓને નરેશભાઈનાઓ જાણ કરતા તેમની ટીમના માણસો તાત્કાલીક ધોરણે મળેલ માહીતી વાળી જગ્યાએ પહોચી ગયેલા અને ત્યા જઈને જોતા એક અજાણ્યા પુરુષની લાશ રોડ પર પડેલી હતી અને તેના મોંઢામાંથી લોહી નીકળેલ હતું તેમજ તેના શરીરને ફરતે કેસરી સફેદ કલરની સાડી વીંટાળેલી હતી. ત્યારબાદ સદર જગ્યાએથી સદર મરણજનાર ની લાશને સીએચસી શહેરા ખાતે લાવેલા અને સદર લાશની જે તે સ્થળ પર તપાસ કરતા કોઈ ઓળખ ન થતા સીએચસી સેન્ટર પી.એમ.રુમ ખાતે સદર લાશને મુકેલ અને તે સમયે રાત્રીનો મોડો સમય થયેલ હોવાથી પી.એમ ન કરી શકતા સદર લાશને પી.એમ. રુમમા મુકીને બીજા દીવસે સદર અજાણ્યા ઈસમની મળેલ લાશ અંગે શહેરા પોલીસ સ્ટેશન ખાતે કોન્સ્ટેબલ નરેશકુમાર ધ્વારા અકસ્માત મોત નં. ૫૦/૨૨ થી સીઆરપીસીની કલમ ૧૭૪ હેઠળ નોંધાવેલી અને તે જાહેરાતના

કામે પીએસઓએ લાશનું ઈન્કવેસ્ટ પંચનામું કરવા માટે એકઝી.મેજી. શહેરાને જાણ કરેલી અને ઈન્કવેસ્ટ પંચનામું ભરવાની જાણ કરતી લેખીત યાદી ઉપર એકઝી.મેજી.શહેરાએ શેરો કરતા અને શહેરા પોલીસ સ્ટેશનથી પોલીસ અધિકારીએ કાર્યવાહી કરવી તેમ જણાવતા તેમણે તાત્કાલીક સ્વતંત્ર પંચો ને બોલાવી સ્વતંત્ર પંચોની હાજરીમા શહેરા સીએચસી ખાતે પી એમ રુમમાં મરણોત્તર ફોર્મ તૈયાર કરી અને મેડીકલ ઓફીસરને પી એમ કરવા માટે લેખીત યાદી કરી ઈન્કવેસ્ટ પંચનામાની કાર્યવાહી કરેલ અને તે આધારે લાશનું પી.એમ.કરાવી પી.એમ નોટ મેડીકલ ઓફીસર ધ્વારા મળતા તેમણે પી.એમ નોટ વંચાણે લીધેલી અને તેમાં ડોકટર સાહેબે મૃત્યુનું કારણ લાશના લીગેચર માર્ક ઉપર થી લાશની શ્વાસોચ્છવાસની પ્રક્રિયા બંધ જઈ જવાથી અને ગળાના ભાગે દબાણ આવવાથી થયેલાનું જણાવેલું જેથી મરણજનાર ની લાશને કોલ્ડ રુમમાં મુકવા માટે લેખીત યાદી કરેલ અને અકસ્માત મોતની તપાસ ચાલુ રાખેલી. વધુમાં ત.ક. અધિકારી જણાવે છે કે, ત્યારબાદ આ કામે પી.એમ થયા બાદ મરણજનારની લાશ પરથી ડોકટરશ્રીનાઓ ધ્વારા મેળવેલ કપડા તેમજ રસ્સીનો ટુકડો તેમને સોંપેલ જે પંચો રુબરુ પંચનામુ કરી કબ્જે કરેલ. બાદ આ કામે સદર ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરવાનુ હોય ગુનાવાળી જગ્યાએ જઈ સ્થાનીક પંચોને બોલાવી ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલ. બાદ આ કામે મરણજનારની ઓળખ ન થયેલ હોવાથી તેની ઓળખ કરવા સારુ તેની જિલ્લા પ્રસીધ્ધી કરવા માટેની કાર્યવાહી કરવામાં આવેલી. બાદ આ કામે ડોકટરશ્રીનાઓ ધ્વારા જે પી.એમ નોટ આપેલી તે પી એમ નોટના કોલમ નં.૧૭માં

જણાવેલી હકીકતોની વધુ સમજ મેળવવા સારુ ડોકટરશ્રીને યાદી પાઠવેલ તેમજ ઉપરોકત પી.એમ.નોટના કોલમ નં. ૧૭ માં જણાવેલ મુદૃાઓને ગુજરાતીમા ભાષાંતર કરવા સારુ યાદી કરેલ. બાદ આ કામે મરણજનારની ઓળખ થતા તેમની માતા મળી આવેથી તેઓની માતાને સદર મરણજનારની લાશને બતાવી ચોકકસ ઓળખ કરેથી સદર મરણજનારની લાશને તેમની માતાના બીજા દીકરા(સાવકા દીકરા)ને લાશની અંતિમક્રિયા માટે સોંપવામાં આવેલી, ત્યારબાદ આ કામે ડોકટરશ્રીનાઓને પી એમ નોટના કોલમ નં.૧૭ના મુદૃા બાબતે હકીકત જાણવા સારુ પાઠવેલ યાદી ને અનુસંધાને ડોકટરશ્રી સી.એચ.સી શહેરાનાઓ ધ્વારા લખાઈને આવતા સદર પત્રને ધ્યાને રાખીને મરણજનારના મૃત્યુ બાબતે ખરી હકીકત જાણવા સારુ ફોરેન્સીક મેડીસીન વિભાગ વડોદરાનાઓને લેખીત યાદી કરવામા આવેલી અને સી એચ સી સેન્ટરે તૈયાર કરવામાં આવેલી પી.એમ નોટ સામેલ રાખી યાદી મોકલી આપતા ફોરેન્સીક મેડીસીન વિભાગના ડો.સુનિલ બી ભટૃ નાઓએ પી.એમ નોટ ધ્યાને રાખી પોતાનો અભીપ્રાય આપતા તે અભીપ્રાય અમોને તપાસના કામે સામેલ રાખેલ અને તેઓના અભીપ્રાય મુજબ પી.એમ નોટના કોલમ નં.૧૭ની ઈજાઓ તે સખત અને તીક્ષ્ણ પ્રકારના હથીયારથી થયેલી હોઈ શકે અને બીજી કોલમ નંબરની ઈજાઓ કોઈ એક કરતા વધુ માણસો સાથે માર મારેલ હોય તો થઈ શકે તેવી હકીકત જણાવતા અમારા પોલીસ સ્ટેશનમા નોંધાયેલ અકસ્માત મોત નં.૫૦/૨૦૨૨ના કામે શહેરા પો.સ્ટે. ખાતે ઈ.પી.કો.કલમ.૩૦૨,૨૦૧ મુજબનો ગુનો ફરીયાદી તરીકે અકસ્માત મોતની જાહેરાત આપનાર નરેશકુમાર અનીલભાઈ પો.કો. શહેરા

પો.સ્ટે.ની તેમની રુબરુની ફરીયાદ હકીકત નોંધી લઈ ગુનો રજી. કરાવી તપાસ સંભાળી લીધેલી, આ કામે સદર ગુનાની તપાસ દરરમ્યાન મેળવેલ ટેકનીકલ અને હ્યુમન સોર્સની બાતમી આધારે સદર મરણજનાર ઈસમનાઓને મોરવા (હ) ખાતે આવેલા બામણા ગામની એક છોકરી સાથે પ્રેમ સબંધ હોવાની હકીકત મળતા બામણા ગામે તપાસ કરતા બામણા ગામે જઈ સદર છોકરી બાબતે તપાસ કરતા બામણા ગામમા આવેલ પાણીની ટાંકી પાસે રહેતી હોવાની હકીકત મળતા તે જગ્યાએ જઈ જોતા સદર જગ્યાએ એક કાચું છાપરાવાળું મકાન જોવા મળેલ પરંતુ ત્યાં કોઈ હાજર મળી ન આવતા સદર ઘરની માલીકી બાબતે તેમજ છોકરી બાબતે પુછપરછ કરતા છોકરીની માતા મળી આવેલ, જેઓને છોકરી બાબતે પુછપરછ કરતા છોકરી મજુરી કામે બહાર ગયેલ હોવાની હકીકત જણાવેલી.આ કામે મળી આવેલ છોકરીની માતા સમરતબેનનાઓને મરણજનાર બાબતે હકીકત પુછતા જણાવેલ કે, સદર મરણજનાર આજથી થોડાક મહીનાઓ પહેલા પાણીની ટાંકીનું કામ ચાલતુ હોવાથી મજુરી કામે આવેલ અને તે તેમના ઘરે અવારનવાર પાણી પીવા અને જમવા માટે આવતો હતો તે દરમ્યાન તેને દીકરી સાથે પ્રેમ સબંધ થયેલ હોવાનું જણાવેલ, આ કામે સદર ગુનાવાળી જગ્યા જોતા જગ્યા શંકાસ્પદ જણાઈ આવતા અને સદર જણાઈ આવેલ ઝુંપડા જેવા ઘરમાં રતાશ પડતા ડાઘા જણાઈ આવેલ હોવાથી એફ.એસ.એલ મોબાઈલ ના સાયન્ટીફીક ઓફીસરને ગુનાવાળી જગ્યાએ બોલવવા માટે જાણ કરેલી અને તેઓની હાજરીમાં ગુનાવાળી જગ્યાનું સ્થળ નિરીક્ષણ કરાવેલું અને સાયન્ટીફીક ઓફીસરે ગુનાવાળી જગ્યાનું

નિરીક્ષણ કરતા સાયન્ટીફીક ઓફીસરએ ગુનાવાળી જગ્યાએથી ગુનાના કામે જણાઈ આવેલ મુદ્દામાલ તેમજ જરુરી સેમ્પલો કબ્જે કરવાનું જણાવતા સ્વતંત્ર પંચોની હાજરીમાં સ્થળ પરથી કબ્જે કરેલ. સદર મુદ્દામાલમાં પાવડો હતો તેમજ સાવરણી તેમજ રતાશ પડતી લોહીવાળી માટી હતી જે તપાસના કામે કબ્જે લેવામાં આવેલ. ત્યારબાદ આ કામે કબ્જે કરેલ મુદ્દામાલ ને પોલીસ સ્ટેશન લાવી મુદ્દામાલ પાવતીમાં નોંધ કરી અને રવાનગી નોંધ તૈયાર કરી એફ.એસ.એલમાં રાસાયણીક પૃથ્થકરણ માટે મોકલવાની તૈયારી કરેલ તથા ફરીયાદ હકીકત મુજબ તપાસણી કરતા જે સાહેદો મળી આવેલ તેમના નિવેદન નોંધી લઈ અને ના.કોર્ટમાં સી આર પી સી ની કલમ ૧૬૪ મુજબના નિવેદનો લેવડાવવા માટેની કાર્યવાહી કરવામાં આવેલ,ત્યારબાદ આ કામે ટેકનીકલ સોર્સ મારફતેથી સદર ગુનાના કામે મરણજનારના મોબાઈલ વિગત મળતા તેના મોબાઈલ ના સીડીઆર મેળવવાની કાર્યવાહી કરેલી અને સીડીઆર સર્વીસ પ્રોવાઈડર કંપની ધ્વારા જિલ્લાના પોલીસ વડા મારફતે મેઈલથી તેમને મોકલી આપવામા આવતા તે સીડીઆરની ઝીણવટભરી રીતે તપાસણી કરતા મરણજનારના મોબાઈલથી તે ગામના એક ઈસમ નામે સુર્યકાંતભાઈ નાઓને સાથે વાત થયેલાની હકીકત જણાઈ આવેલી. જે બાબતે સુર્યકાંતભાઈનાઓની પુછપરછ કરતા તેઓએ એવી હકીકત જણાવેલી કે, આ ગુનાના કામના શૈલેષભાઈ તેમજ અરવીંદભાઈ તેઓની ઈકો ગાડી લઈ ગયેલા જે આધારે તપાસમાં જે શંકાસ્પદ વાહન હતુ તેની ઓળખ થતા સુર્યકાંતભાઈ ની ઈકો ગાડી ગુનાના કામે કબ્જે કરવામાં આવેલી, તેમણે તપાસ ના કામે આરોપીઓ જગદીશ, અરવીંદ અને સંજયની તથા શૈલેષની

ધરપકડ કરેલી અને તેઓને હાજર રાખી રી–કન્સ્ટ્રકશન પંચનામું કરવામાં આવેલ અને તે અંગે વીડીયોગ્રાફી પણ કરવામાં આવેલી. તેમણે તપાસના કામે કબ્જે લીધેલ ઈકો ગાડીનું અંદરથી ઝીણવટભરી રીતે તપાસણી કરતા ઈકો ગાડીમાં રહેલ ફલોરમેટ પર લોહીના ડાઘાં જણાઈ આવતા તે ફલોરમેટ તપાસના કામે કબ્જે લઈ એફ.એસ.એલમાં પૃથ્થકરણ કરવા માટે કાર્યવાહી હાથ ધરેલી અને ઈકો ગાડીની તપાસણી દરમ્યાન ઈકો ગાડીમાંથી એક વાળ મળી આવેલો હતો જે વાળ તેમણે તપાસના કામે કબ્જે લઈ તેનું ડી.એન.એ પૃથ્થકરણ કરવુ જરુરી હોય લેખીત યાદી સાથે એફ.એસ.એલ તરફ જરુરી નમુનાઓ સાથે મોકલી આપવામાં આવેલ. અકસ્માત મોતની તપાસના કામે અને ગુનો નોંધાયા બાદ તમામ પંચનામાઓ પંચોની હાજરીમા કરવામા આવેલા અને સ્વતંત્ર પંચોની હાજરીમા તેમની તપાસના કામે મળી આવેલ તમામ મુદ્દામાલ કાયદેસરની કાર્યવાહી કરી તપાસ અર્થે કબ્જે લીધેલ અને મુદ્દામાલને રાસાયણીક પૃથ્થકરણ માટે એફ.એસ.એલમાં મોકલવામાં આવેલ. તેમણે કબ્જે કરેલ મુદ્દામાલ પૈકી સ્થળ પરથી મળી આવેલ રસ્સો અને પી.એમ.સમયે મેડીકલ ઓફીસર ઘ્વારા આપવામા આવેલ રસ્સો એકજ હોય તે અંગે એફ.એસ.એલમાં તેના ચકાસણી અહેવાલ મેળવવા માટે મોકલી આપવામા આવેલ, તેમની તપાસના કામે મરણજનારની લાશના ફોટા ફોટોગ્રાફર પાસે પડાવી તપાસના કામે સામેલ રાખેલા,ગુનાના કામે કલમ ઉમેરવાનુ જરુરી જણાતા શહેરાના વિ.જયુડી.મેજી.શ્રીની કોર્ટમાં લેખીત યાદી સાથે કલમ ઉમેરો રીપોર્ટ આપવામા આવેલ.તેઓની તપાસ પૂર્ણ થતા આરોપી

વિરુધ્ધ પુરતો પુરાવો આવતો હોવાથી નામ.કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલું. તેઓની સરતપાસ દરમ્યાન આંક P-56થી આંક P-84 સુધી ના દસ્તાવેજી પુરાવા રજુ થયેલા છે. આરોપીપક્ષે ઉલટતપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, ફરીયાદ ૨૦ દિવસ મોડી આપવામાં આવેલ છે. ફરીયાદ અકસ્માત મોત નોંધાયાના ૨૦ પછી નોંધવામાં આવેલી. એ વાત ખરી છે કે, ફરીયાદ તા.૨૯/૧૦/૨૦૨૨ના રોજ પોલીસ સ્ટેશનમાં નોધવામાં આવેલ અને તે ફરીયાદ/ એફ.આઈ.આર તા.૧/૧૧/૨૦૨૨ના રોજ નામ.કોર્ટ સમક્ષ મોકલવામાં આવેલી એટલે કે ૨૪ કલાકની અંદર મોકલવામાં આવેલી નહી. એ વાત ખરી છે કે, જે વખતે અમો બનાવના સ્થળે ગયા તે વખતે રાત્રીના સાડા આઠ વાગી ગયેલા. બનાવવાળી જગ્યા આજુબાજુ ખેતરો અને ત્યાંથી રોડ પસાર થતો હતો.એ વાત ખરી છે કે, લાશ ઉપરના કપડા તથા રસ્સો અમોએ જાતે પંચો રુબરુ કબ્જે કરેલ નથી.સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, મેડીકલ ઓફીસરશ્રીએ લાશ પરના કપડાં અને રસ્સો આપેલ તે તપાસના કામે કબ્જે લીધેલ.એ વાત ખરી છે કે, કુહાડી હથીયાર પંચનામાની રુએ કબ્જે લેવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે, હાલના કેસમાં કોઈ નજરે જોનાર સાહેદ મળી આવેલ નહી.એ વાત ખરી છે કે, મરણજનારની લાશ જે ઝુંપડામાંથી મળી આવેલી તે કોની માલીકી નું હતું તે અંગે કોઈ દસ્તાવેજી પુરાવો મેળવેલ નહી તેમજ તે અંગે કોઈનું નિવેદન પણ નોંધેલ નહી. એ વાત ખરી છે કે, સદર નિવેદન ચાર્જશીટ સાથે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, સાહેદ સુર્યકાંતના મોબાઈલના ફોનના સીડીઆર મેળવી રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, આરોપીઓના

કે મરજણનારના સીડીઆર મેળવીને રજુ કરેલ નથી.એ વાત ખરી છે કે આ ઈકો ગાડીના બે પંચનામા કરવામાં આવેલા છે. એ વાત ખરી છે કે, ઈકો ગાડી સૌપ્રથમ જયારે પંચનામાની રુએ કબ્જે લેવામાં આવેલી ત્યારે તેમાંથી કોઈ ચીજ વસ્તુ મળી આવેલી નહી. એ વાત ખરી છે કે, રી–કન્સ્ટ્રકશન પંચનામા સમયે પંચનામાની કાર્યવાહી ની વીડીયોગ્રાફી કરાવેલી તે વીડીયોગ્રાફર પોતે વેપાર ધંધો કરે છે તે અંગેના પુરાવા મેળવવામાં આવેલ નહી તથા વીડીયોગ્રાફરનું કોઈ નિવેદન પણ લીધેલ નથી. એ વાત ખરી છે કે, પંચનામામા ડીવીડી કઈ કંપનીની હતી તથા કેટલા જીબીની હતી તે અંગેનો કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે, ડમી માણસનો પણ કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે, જે ઝુંપડાની હકીકત ખુલેલ છે તે ઝુંપડાની આજુબાજુના લોકોના નિવેદન લીધેલ નથી. એ વાત ખરી છે કે, તપાસના કામે ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા માટે મામલતદારશ્રીને જે યાદી કરવામાં આવેલી તેવો કોઈ નકશો આ કામે રજુ કરવામાં આવેલ નથી.એ વાત ખરી છે કે, વાળ નો ડી.એન.એ રીપોર્ટ ચાર્જશીટ સાથે રજુ કરેલ નથી અને ત્યારબાદ પણ આજદીન સુધી રજુ કરેલ નથી.

(૩૪) આ કામે રજુ થયેલ મેડીકલ પુરાવાથી મરણજનારનું મૃત્યુ અકુદરતી રીતે થયેલ હોવાનું પુરવાર થયેલ છે, પરંતુ આ મૃત્યુ હાલના આરોપીએ નિપજાવેલ હોવાની સાબિત માટે ફરીયાદપક્ષે આ કામે ફરીયાદી નરેશભાઈ અનીલભાઈ બારીઆની સોગંદ ઉપરની જુબાની આંક P-1ને જોવામાં આવે તો,બનાવમાં મરણજનારની લાશ બીનવારસી મળી આવેલ હતી અને જયાં લાશ પડી હતી તે જગ્યા જાહેર રોડ છે અને ત્યાં આજુબાજુ ખેતરો પણ આવેલા છે.લાશના મોંઢાના

ભાગે લોહી જેવા રતાશ પડતું પ્રવાહી જણાયેલુંલાશ ને સી.એચ.સી.શહેરા મુકામે લઈ ગયેલા હતા. સદર ગુજરનારની પી.એમ.નોટમાં મેડીકલ ઓફીસરે જે ઈજાઓ દર્શાવેલી તે તમામ ઈજાઓ ફરીયાદમાં વર્ણવી અને આરોપીઓ તરીકે કોઈ નામ મળી આવેલ ન હોય નમુદ નથી તેમ કહી ફરીયાદ આપેલ જે આંક P-2 વાળી ફરીયાદમાં સહી લેવામાં આવેલી તેમજ તેમણે સૌ પ્રથમ પી.એસ.ઓ રૂબ્બરૂ જાહેરાત આપેલી જે આંક P-3 વાળી જાહેરાતમાં તેમની સહી લેવામાં આવેલી. વધુમાં આ કામે ફરીયાદ જોતાં તેમાં પણ મરણજનારના મોત બાબતે કોઈ વ્યકિત સામે ફરીયાદીએ કોઇ જ આક્ષેપો કરેલા નથી અને ગોવિંદભાઈ ને કોણે મારી નાખેલ તે અંગેનો કોઈ પુરાવો ફરીયાદીએ આપેલ નથી. ફરીયાદીએ બનાવ નજરે જોયેલ નથી કે ફરીયાદીએ કોઈ વ્યકિતને મારતા જોયેલ નથી તેમજ મરનાર ગોવિંદભાઈને કોઈની સાથે ઝઘડો થયેલો હોય તેવી કોઈ હકીકત પણ ફરીયાદીની જાણકારીમાં નથી. ફરીયાદીનો સમગ્ર પુરાવો જોતાં આરોપીઓને ગુનામાં સંડોવતો કોઈ પુરાવો ફરીયાદીના પુરાવામાંથી મળી આવતો નથી અને તેમણે બનાવ નજરે જોયેલ નહી હોવાનું સ્વીકારેલ છે અને મરનાર ગોવિંદભાઈનું મૃત્યુ હાલના આરોપીઓએ ઝઘડો તકરાર કરી કોઈ તીક્ષ્ણ હથિયારથી ઈજાઓ કરી મોત નિપજાવેલ હોવાનો કોઈ પુરાવો ફરીયાદીના પુરાવામાંથી મળી આવેલ નથી. આમ, ફરીયાદી તેમની આંક P-2ની ફરીયાદ હકીકત ને સમર્થનકારી પુરાવો આપતા નથી. આ કામે ફરીયાદીએ ભરોસાપાત્ર અને વિશ્વસનીય પુરાવો આપેલ ન હોય જેથી ફરીયાદીના પુરાવાની વિશ્વસનીયતા ઘટતી હોય, ફરીયાદીનો પુરાવો ફરીયાદપક્ષને મદદરૂપ થતો નથી.

(૩૫) આ કામે બનાવ હકીકત મુજબ આ કામના મરણજનાર ગોવિંદ ભાઈ મજુરીકામ અર્થે બામણા ગામ ગયેલા અને ત્યાં આગળ દક્ષાબેન નામની સ્ત્રી સાથે પ્રેમસબંધ થયેલ અને બંને જણા લગ્ન કરવા માંગતા હતા જેથી મરણજનાર તેઓના પરિવારના સભ્યોને તે પોતાના દક્ષાબેનના લગ્ન અંગે વાતચીત કરવા ગયેલા ત્યાં આગળ આરોપી નં.૪ પણ હાજર હતા. તેઓ પણ દક્ષાબેન સાથે પ્રેમસબંધ ધરાવતા હતા જેથી આરોપી નં.૪ નાએ તે વખતે મરણજનારને કહેલ કે અગર તો તમે દક્ષાબેનના લગ્ન મારી સાથે નહિ કરો તો હું ભગાડી લઈ જઈશ તે વખતે આરોપી નં.૪ ત્યાં પડેલ લાકડાના ડંડાથી તેઓને માથાના ભાગે ઈજાઓ પહોંચાડેલ અને આરોપી નં.૩ નાએ લોખંડની પાઈપથી તેઓના પગના ભાગે મારીને ઈજાઓ પહોંચાડેલ અને ત્યારબાદ ત્યાં પડેલ દોરડાના ફંદા ને લાકડાના સરા સાથે બાંધી તેઓને છાપરા સાથે લટકાવી દીધેલ ત્યાં આરોપી નં.૧ અને ૨ નાઓ પુરાવાનો નાશ કરવાના ઈરાદાથી દોરડું કાપી લાશને નીચે ઉતારી મરણજનાર ની લાશને ઈકો કારમાં નાખી ગામની સીમમાં નાખી દીધેલ. હાલના ગુનાના કામે બનાવના કોઈ નજરેજોનાર સાહેદ નથી. દક્ષાબેન તેઓની હીસ્ટ્રીમાં જણાવે છે કે, આવા કોઈ નામની વ્યકિતને ઓળખતી પણ નથી. મરણજનાર આરોપીના ઘરે વાતચીત કરવા ગયેલા તે અંગેનો કોઈ પુરાવો નથી. વધુમાં, આ કામે આંક-૧૩ થી ઈકો કારના માલીક સુર્યકાંત પ્રવીણસિંહ બારીયાને તપાસેલા છે તેઓએ જણાવેલ છે કે, બનાવના દિવસે આરોપી નં.૧ તેઓની ઈકો કાર તેઓની સાસરીમાં જવાનું

છે તેમ કહી લઈ ગયેલા પરંતુ તે દિવસે આરોપી નં.૧ તેઓના જણાવ્યા પ્રમાણે તેઓની સાસરીમાં ગયેલા કે કેમ તે અંગે કોઈ તપાસ કરેલી નથી. તપાસના કામે ઈકો કાર પણ કબજે લેવામાં આવેલ અને તેના આંક P-39થી સીઝર પંચનામું પણ કરવામાં આવેલ તે પંચનામાને ધ્યાને લેતાં તે નીલ પંચનામું છે તે પંચનામું કરતી વખતે ઈકો કારની અંદરથી કોઈપણ વાંધાજનક વસ્તુ મળી આવેલ નથી. સદર પંચનામું તા.૩/૧૧/૨૦૨૨ ના રોજ કરવામાં આવેલ. સદર પંચનામાની તારીખને જોતાં તેમાં પણ ચેડાં કરવામાં આવેલ છે અને તેમાં પણ કોઈ ઈનીશીયલ સાઈન કરવામાં આવેલ નથી. આંક P-39 નું પંચનામું કર્યા બાદ તેના બે દિવસ પછી એટલે કે તા.૫/૧૧/૨૨ ના રોજ ફરીથી સદર ઈકો કારનું પંચનામું કરવામાં આવેલ છે અને તે વખતે સદર ઈકો કારના ફ્લોરીંગ ઉપર બ્લડ સ્ટેઈન જણાય આવેલા હોવાની હકીકત અને એક માનવ વાળ મળી આવેલ હોવાની હકીકત જણાવવામાં આવેલ છે. સદર બંને પંચનામાઓ સરખા પંચોની હાજરીમાં કરવામાં આવેલ છે. તા.૫/૧૧/૨૨ ના રોજ આંક P-40 ના કરેલ પંચનામાને ધ્યાને લેતાં તેમાં જણાવવામાં આવેલ છે કે, એક માનવ વાળ ખાખી કલરમાં રાખેલ હતો. ત.ક.અધિકારી ધ્વારા બ્લડ સ્ટેઈન તથા વાળ ઈમ્પ્લાન્ટ કરવામાં આવેલ છે તે વખતે ત.ક.અધિકારીએ સાયન્ટીફીક ઓફીસરને પણ હાજર રાખેલ. તેઓએ પોતાનો તપાસ અહેવાલ રજૂ કરેલ જે આંક P-50થી રજૂ કરવામાં આવેલ છે. તપાસ અહેવાલને ધ્યાને લેતાં સાયન્ટીફીક ઓફીસરે ભલામણ કરેલ છે કે, સદર વાળ અને ફલોરમેટ આરોપી તથા ભોગબનનારના કન્ટ્રોલ સેમ્પલ વધુ તપાસણી અર્થે મોકલવા સુચન છે પરંતુ, હાલના કેસમાં આરોપીના આવા કોઈ સેમ્પલ લઈને એફ.એસ.એલમાં મોકલવામાં આવેલ નથી

પરંતુ આરોપીની સામે પુરાવાઓ ઉભા કરવાના હેતુથી મરણજનારના નમુના લઈ વાળ તથા બ્લડના નમુના લઈ એફ.એસ.એલમાં મોકલવામાં આવેલ.તપાસ કરનાર અધિકારી ધ્વારા દોરડું પણ કબજે કરવામાં આવેલ છે પરંતુ દોરડાના ભાગે કોઈ સેલ અથવા સ્કીનના પાર્ટીકલ્સ મળી આવેલ નથી. હાલની ફરીયાદ ૨૦ દિવસ વિલંબથી આપેલી છે જે અંગે કોઈ ખુલાસો થયેલ નથી.

(૩૬) આમ, ઉપરોકત તમામ સાહેદોનો પુરાવો જોતાં આ કામે બનાવ ના કોઈ નજરેજોનાર કોઈ સાહેદ નથી. આ કામના ફરીયાદી એ તેમની આંક P-2ની ફરીયાદની હકીકતોને સમર્થન આપેલ નથી. ફરીયાદીના પુરાવા અનુસાર મરણજનારની લાશ બીનવારસી હાલતમાં મળી આવેલ હતી અને લાશ જે જગ્યાએ પડેલી હતી તે જગ્યા જાહેર રોડ હોવાનું તથા ત્યાં આજુબાજુ ખેતરો આવેલા હોવાનું જણાવેલ છે ત્યારે આ કામના ફરીયાદી બનાવને કે ફરીયાદને સપોર્ટ કરતા નથી. આ કામે તપાસવામાં આવેલ અન્ય સાહેદોએ પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી. હાલના આરોપીઓને ગુનામાં સાંકળી શકાય તેવો લેશમાત્ર પુરાવો ફરીયાદી તથા અન્ય સાહેદોએ આપેલ નથી.આ કામે ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલ તમામ પંચનામા પણ તે પંચનામાના પંચ સાહેદોની જુબાનીથી પુરવાર થયેલ નથી. આ કામે આરોપીઓ સામેનો કેસ ફરીયાદપક્ષ મૌખિક પુરાવાથી પુરવાર કરી શકેલા નથી. આ કામે જયારે ફરીયાદી તથા અન્ય સાહેદો તથા પંચોના મૌખિક પુરાવાથી ફરીયાદપક્ષના કેસ ને સમર્થન મળતું ન હોય ત્યારે મેડીકલ ઓફીસરના મૌખિક

પુરાવાને માની આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી. આ કામે જયારે પંચનામાના પંચો તેમની જુબાનીમાં સ્પષ્ટ જણાવે છે કે,બનાવ બાબતે તેમને જાતમાહીતી નથી અને આરોપીઓના નામ શું છે અને કયાંના છે તેનો તેમને ખ્યાલ નથી. તેઓએ તૈયાર પંચનામામાં સહી કરી તે સિવાય તેઓ કંઈ જાણતા નથી તેવા સંજોગોમાં તેમજ આ કામે ફરીયાદી, અન્ય સાહેદો તેમજ પંચસાહેદોએ ફરીયાદપક્ષના કેસને અને આરોપીઓ ને ગુનામાં સાંકળતો કોઈ પુરાવો આપેલ ન હોય ત્યારે એફ.એસ.એલ. તથા મેડીકલ પુરાવાને આધાર માની આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી.

(૩૭) આ કામે તપાસ કરનાર અધિકારીની જુબાની જોઈએ તો, આ ગુનાની તપાસ પી.આઈ.શ્રી રાહુલ કલ્યાણ સિંહ રાજપુતનાએ કરેલી જેમાં તેઓએ સાહેદોના નિવેદન નોંધેલા,લાશનું ઈન્કવેસ્ટ પંચનામું કરેલુ , ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલું અને લાશનું પી.એમ. કરાવી ડેથ સર્ટીફીકેટ મેળવેલું, મરણજનારના મોબાઈલના સીડીઆર મેળવવાની કાર્યવાહી કરેલી, આરોપીએ બનાવ વખતે પહેરેલ કપડાં અને આ કામે મુદ્દામાલ હથીયાર પાવડો તેમજ સાવરણી સ્વતંત્ર પંચોની હાજરીમાં કબજે લઈ તપાસના કામે સામેલ રાખેલ. વધુમાં, તપાસના કામે કબજે લીધેલ ઈકો ગાડીમાં રહેલ ફલોરમેટ પર લોહીના ડાઘાં જણાઈ આવતા ફલોરમેટ તપાસના કામે કબજે લઈ એફ.એસ.એલમાં પૃથ્થકરણ અર્થે મોકલવા કાર્યવાહી હાથ ધરેલી, તપાસના કામે વાળ કબજે લઈ તેનું ડી.એન.એ.પૃથ્થકરણકરવું જરૂરી હોય લેખીત યાદી સાથે એફ.એસ.એલ તરફ જરૂરી નમુનાઓ સાથે મોકલી આપવામાં આવેલા. આ કામે તપાસવામાં આવેલ ફરીયાદી તથા અન્ય સાહેદો આવી કોઈ હકીકત

ને સમર્થન કરતા નથી. ફરીયાદી તથા અન્ય સાહેદોએ આરોપીઓ વિરુધ્ધ આરોપીઓને ગુનામાં સાંકળી શકાય તેવો કોઈ પુરાવો આપેલ નથી. તપાસ કરનાર અધિકારીના જણાવ્યા પ્રમાણે બનાવ ને અનુરૂપ સાહેદો મળી આવતાં તેઓના નિવેદન તેમના લખાવ્યા મુજબ ના નોંધી લીધેલા અને આરોપીઓ વિરુધ્ધ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલું. તપાસ કરનાર અધિકારીના જણાવ્યા પ્રમાણે તેમની તપાસ દરમ્યાન આ કામે નજરેજોનાર સાહેદ મળી આવેલ નહીં અને કુહાડી હથીયાર પંચનામા ની રુએ કબજે લેવામાં આવેલ નથી, મરણજનારની લાશ જે ઝુંપડામાંથી મળી આવેલી તે કોની માલીકીનું હતુ તે અંગે કોઈ દસ્તાવેજી પુરાવો મેળવેલ નહી તુમજ તે અંગે કોઈનું નિવેદન પણ નોંધેલ નહીં. જયારે ઈકો ગાડીના બે પંચનામા કરવામાં આવેલ છે અને સૌ પ્રથમ જયારે પંચનામાની રુએ કબજે લેવામાં આવેલી ત્યારે તેમાંથી કોઈ ચીજવસ્તુ મળી આવેલ નહીં તેમજ આ કામે વાળનો ડી.એન.એ રીપોર્ટ આજદિન સુધી રજુ કરેલ નથી તેમજ મરણજનાર ગોવીંદભાઈનું મોત હાલના આરોપીઓએ ઝઘડો તકરાર કરી કોઈ તીક્ષ્ણ હથિયાર વડે ઈજાઓ કરી નિપજાવેલ હોવાનું કોઇ સાહેદ કહેતા નથી. અન્ય સાહેદોએ હીયરસે પુરાવો આપેલો છે અને તેઓને મરનારના મૃત્યુ બાબતે કોઈ જાતમાહિતી નથી. મરણજનારનું મૃત્યુ અકુદરતી મૃત્યુ છે, પરંતુ હાલના આરોપીઓએ મરણજનાર ગોવીંદભાઇને કુહાડી, લોખંડની પાઈપ જેવા તીક્ષ્ણ હથિયારથી માથાના ભાગે તથા હાથ પગના ભાગે મારી ગંભીર ઈજાઓ કરી તેઓનું મોત નિપજાવેલ હોવાનું અને મરનાર ની લાશને ઝુંપડે જઈ દોરડું કાપી ઈકો ગાડીમાં મુકી વાઘજીપુર ગામ ની સીમમાં પુરાવાનો નાશ કરવાના આશયથી નાખી દઈ, આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ગુનો કરેલ હોય તેવું નિ:શંક

પણે સાબિત થતું નથી તે સંજોગોમાં હું **મુદ્દા નં.૧ નો જવાબ ''નકારમાં'' આપું છું.**

<u>**મુદ્દા નં.૨**</u> **:-**

(૩૮) ઉપરોકત સમગ્ર પુરાવો જોતાં આ કામે ફરિયાદપક્ષના સાહેદો એ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરેલ ન હોય તેમજ હાલના આરોપીઓ ની ગુનામાં સંડોવણી હોવા બાબતનો કોઈ પુરાવો રેકર્ડ પર રજૂ થયેલ ન હોય ત્યારે તેવા સંજોગોમાં બચાવપક્ષની દલીલ સાથે હું સંમત થાઉ છું અને એવા નિર્ણય પર આવું છું કે, ફરીયાદપક્ષ, આ કામ આરોપીઓ સામે આક્ષેપીત ઈ.પી.કો.કલમ ૩૦૨, ૨૦૧, ૧૧૪ મુજબનો ગુન્હો નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, જેથી **મુદ્દા નં.૩ અન્વયે** આખરી હુકમ નીચે મુજબ કરું છું.

<u>**:: આ ખ રી હુ ક મ ::**</u>

**૧.** આ કામના આરોપી નં.૧.શૈલેશભાઈ શનાભાઈ માલીવાડ, નં.૨. અરવિંદભાઈ ભેમાભાઈ પગી, નં.૩. જગદીશ ઉર્ફે જગો શનાભાઈ માલીવાડ તથા નં.૪ સંજયકુમાર ઉર્ફે કાળુ રંગીતસિંહ બારીઆ, તમામ રહે.બામણા, નવી વસાહત ફળીયું, તા.મોરવા(હ), જી.પંચમહાલનાઓને સેશન્સ કેસ નં.૪૦/૨૦૨૩ ના કામે શહેરા પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧૨૦૭૦૬૧૨૨૦૮૦૫/૨૦૨૨, ઈ.પી.કો.કલમ.૩૦૨,૨૦૧,૧૧૪ મુજબના ગુનામાંથી પૂરતા અને જરૂરી પુરાવાના અભાવે ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૨૩૫(૧)મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આ કામે કબજે લેવામાં આવેલ તમામ મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

**૩.** આ કામના આરોપી નં.૩,૪ નાઓ અન્ય ગુનાના કામે જેલમાં ના હોય તો તેઓને તાત્કાલીક આ ગુના કામેથી જેલ મુકત કરવા સબંધીત જેલરશ્રીને જરૂરી યાદી કરવી.

**૪.** ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ આરોપીઓએ અપીલ થવાના પ્રસંગે એપેલેટ કોર્ટ સમક્ષ હાજર રહેશે તેવી ખાત્રી માટે પ્રત્યેક આરોપીએ **રૂા.૧૫,૦૦૦/–** (અંકે રૂપિયા પંદર હજાર પુરા)ના જાતમુચરકા(પર્સનલ બોન્ડ) આપવાના રહેશે.

હુકમ આજ **તારીખ ૨૪'મી માહે–જુલાઈ સને ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૨૪/૦૭/૨૦૨૬**
**ગોધરા.**

**(ચંદ્રપાલસિંહ કે.ચૌહાણ)**
**સત્ર ન્યાયાધીશ**
**પંચમહાલ, મુ.ગોધરા**
UID Code No.GJ 00513

*SST